# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

18 JANUARY, 2026 SUNDAY





પેજ 2  કડાણા તાલુકાની સરસડી LI યોજનાનું નિરીક્ષણ કર્યું હતું

પેજ 3  દિલ્હીમાં પુ મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલ રામકથાનું આજે ઉદ્ઘાટન કર્યું

પેજ 7  ૧૨ વર્ષથી ગુમ થયેલા યુવાનનું પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

પેજ 5 અમદાવાદમાં હાથમાં દારૂની બોટલ-બંદૂક લઈ નબીરાએ ધાબુ માથે લીધું



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 301 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### કાર બઠિંડાથી ડબવાલી તરફ જઈ રહી હતી

# પંજાબમાં ગાઢ ધૂમ્મસે વાવ-થરાદના પાંચ ગુજરાતી યુવાનોનો ભોગ લીધો



## ભયાનક ધૂમ્મસમાં કારડિવાઈડર સાથે ટકરાતા સર્જાઈ કરૂણાંતિકા

• ચંડીગઢ

પંજાબમાં ગાઢ ધુમ્મસનો કહેર યથાવત્ છે. આજે શનિવારે સવારે બઠિંડામાં નેશનલ હાઈવે પર ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર કાર અથડાતાં ગુજરાતના વાવ-થરાદ જિલ્લાની મહિલા કોન્સ્ટેબલ સહિત 5 લોકોનાં મોત થયાં છે. આ અકસ્માત બઠિંડા જિલ્લાના ગુડતડી ગામ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે ફોર્ચ્યુનર કાર આખેઆખી પડીકું વળી ગઈ હતી. માહિતી મળતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કોઈક રીતે કારમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

અકસ્માતમાં મોતને ભેટેલા તમામ લોકો વાવ-થરાદ જિલ્લાના છે. જેમની ઓળખ અમિતાબહેન કરશનભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), અરજણભાઈ સુબાભાઈ રાજપૂત (રહે. રાટીલા, દિયોદર), ભરતભાઈ અજાભાઈ રાજપૂત (રહે. અછવાડીયા, લાખણી) જનકભાઈ રાજપૂત (રહે. જેતડા, થરાદ) અને સતીષ તરીકે થઈ છે. તમામની ઉંમર 25થી 30 વર્ષની વચ્ચે છે.

દિયોદર તાલુકાના રાટીલા ગામના અમિતાબહેન પોલીસ કોન્સ્ટેબલ હોવાનું જણાવાયું છે. એસપી નરીન્દર સિંહે જણાવ્યું હતું કે આ તમામ ફોર્ચ્યુનર કારમાં શિમલા ગયાં હતાં. પરત ફરતી વખતે પંજાબના બઠિંડામાં ગાઢ ધુમ્મસને કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. માહિતી અનુસાર આ કાર બઠિંડાથી ડબવાલી તરફ જઈ રહી હતી. તેમાં ગુજરાત પોલીસની મહિલા કર્મચારી અમિતા તેના ચાર મિત્રો અંકુશ, ભરત, ચેતન અને સતીશની સાથે ગુજરાત આવી રહી હતી. આ લોકો શિમલાથી ફરીને પાછા આવતા હોવાની જાણકારી મળી રહી છે. જોકે કાતિલ ઠંડીના દોર વચ્ચે ભારે ધુમ્મસ વચ્ચે વહેલી સવારે તેમની કાર ડિવાઈડર સાથે ભટકાઈ જતાં કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ દુર્ઘટનામાં તમામ પાંચ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. આ મામલે જાણકારી આપતા એસપી સિટી નરિંદર સિંહે જણાવ્યું કે પાંચેય મિત્રોના શબને કબજે લઈ સિવિલ હોસ્પિટલ રવાના કરાયા હતા અને મૃતકોના પરિજનોને જાણકારી આપી દેવામાં આવી હતી.

## ઈન્ડિગોએ મુસાફર દીઠ રૂા.5000ના વાઉચર આપવાનું શરૂ કર્યું

**અમદાવાદ :** ગત ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં નવા નિયમોના અમલીકરણના લીધે ઈન્ડિગો એર લાઈન્સનાં શિડયુલ ખોરવાતા રાજકોટ સહિત દેશભરના હવાઈ મુસાફરો હેરાન પરેશાન થયા ડીજીસીએ દ્વારા ઈન્ડિગોનાં રિફંડની સમીક્ષા બાદ દિવસે વિક્ષેપ માટે વળતરના પગલાની જાહેરાત થતા તેની હવે અમલવારી શરૂ થતા રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હેરાન થયેલા અંદાજે 2700 જેટલા મુસાફરોને વળતર વાઉચર આપવામાં આવી રહ્યા પ્રત્યેક મુસાફરને રૂા.5000 બે ટ્રાવેલ વાઉચરનો લાભ આપવામાં આવી રહ્યો છે.આ લાભ ગત તા.3 થી 5 ડિસેમ્બર-2025 સુધી ઈન્ડિગોની ટિકિટ બુક કરાવનાર મુસાફરોને જ મળવાપાત્ર છે. ગત ડિસેમ્બર માસની ગત તા.3-4 અને 5નાં રોજ ઈન્ડિગો એર લાઈન્સનાં શિડયુલ ખોરવાતા રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં અંદાજે 2700 જેટલા મુસાફરોને ફલાઈટ રદ થવી અથવા 3 કલાકથી વધુ મોડી પડવી જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.આ મુસાફરોને ડીજીસીએના નિર્દેશ મુજબ પ્રતિ મુસાફરને રૂા.5000નાં બે ટ્રાવેલ વાઉચરની માન્યતા 12 મહિના સુધી રહેશે.આ સમય દરમિયાન મુસાફર હવાઈ મુસાફરીમાં ઉપયોગ કરી શકશે ઈન્ડિગો એર લાઈન્સ દ્વારા તા.3 થી 5 ડિસેમ્બર-2025 સુધીના મુસાફરોને એચએમએસથી વળતર વાઉચર મેળવી લેવા જાણ પણ કરવામાં આવી રહી છે.

## મહારાષ્ટ્રમાં કમળ ખીલતા અટલજીની 46 વર્ષ પહેલાની ભવિષ્યવાણી સાચી પડી

• નવી દિલ્હી

"અંધાં દૂર થશે, સૂરજ ઉગશે, કમળ ખીલશે..." - 46 વર્ષ પહેલા મુંબઈમાં અરબ સાગરના કિનારે ભારતીય જનતા પાર્ટીના પ્રથમ અધિવેશનમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કરેલી આ ભવિષ્યવાણી હવે મહારાષ્ટ્રના રાજકારણમાં અક્ષરશઃ સાચી ઠરતી દેખાઈ રહી છે. મહારાષ્ટ્રની 29 નગર નિગમોની ચૂંટણીમાં ભાજપ ગઠબંધને મેળવેલી ઐતિહાસિક જીતે આ ભવિષ્યવાણીને સાકાર કરી દીધી છે.

ભાજપ ગઠબંધન રાજ્યની 29 નગર નિગમોમાંથી 25 પર પોતાનો ભગવો લહેરાવતું દેખાઈ રહ્યું છે. આ વિજયમાં સૌથી મોટી અને ઐતિહાસિક જીત દેશની સૌથી ધનિક નગરપાલિકા, બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)માં મળી છે. દાયકાઓ સુધી ઠાકરે પરિવારનો અભેદ્ય કિલ્લો ગણાતી BMCમાં ભાજપ પ્રથમ વખત સૌથી મોટો પક્ષ બનીને ઉભર્યો છે અને હવે મુંબઈમાં ભાજપનો મેયર બનવાનું લગભગ નિશ્ચિત છે.

મુંબઈ જ નહીં, નાગપુરથી પુણે અને નાસિકથી સોલાપુર સુધી ભાજપ ગઠબંધને જીતનો ડંકો વગાડ્યો છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ જીતને "રેકોર્ડ-તોડ જનાદેશ" ગણાવ્યો છે અને તેને પ્રધાનમંત્રી મોદી પર જનતાના અતૂટ વિશ્વાસની જીત ગણાવી છે. આ ચૂંટણી પરિણામોએ મહારાષ્ટ્રના મોટા રાજકીય પરિવારોને તેમના જ ગઢમાં હરાવી દીધા છે. મરાઠી માણુસ અને હિન્દુ સ્વાભિમાનના મંત્ર પર ચાલતો ઠાકરે પરિવાર, બે દાયકા બાદ ઉદ્ધવ અને રાજ ઠાકરે એક થયા હોવા છતાં, પોતાના ગઢ BMCને બચાવી શક્યો નથી.

તેવી જ રીતે, સહકારીથી લઈને સરકારી રાજનીતિના સૂત્ર પર ચાલતો પવાર પરિવાર, શરદ પવાર અને અજિત પવાર એક થઈને પણ પુણે અને પિંપરી-ચિંચવડ જેવા પોતાના કિલ્લાઓને બચાવવામાં નિષ્ફળ રહ્યો છે.

પોલીસે ઈન્વેસ્ટીગેશનની વિગતો આપી | યુવા આઇપીએસ અધિકારી સિમરન ભારદ્વાજ દ્વારા સમગ્ર કેસની ઝીણવટ પૂર્વક તપાસ કરાઈ હતી

## નરાધમને ફાંસી અપાવવા 4 વર્ષના બાળકે કોર્ટમાં જુબાની આપી

• રાજકોટ

આટકોટમાં સાત વર્ષની બાળકી પર થયેલ દુષ્કર્મની ઘટનામાં કોર્ટે આરોપીને ફાંસીની સજા ફટકારતા પોલીસે ઈન્વેસ્ટીગેશનની વિગતો આપી હતી. જેમાં નરાધમને ફાંસી આપાવવા 4 વર્ષના બાળકે કોર્ટમાં જુબાની આપી હતી. યુવા આઈપીએસ અધિકારી સિમરન ભારદ્વાજ દ્વારા સમગ્ર કેસની ઝીણવટ પૂર્વક તપાસ કરાઈ હતી. પત્રકાર પરિષદમાં એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, આ બનાવમાં ભારતીય ન્યાય સહિતી-2023ની કલમ 65(2) તથા પોકસો એકટ કલમ 5(આઈ), ૫(એમ), 6 મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો. જે ગુનો અનડિટેક્ટ હતો. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીનું સીધું માર્ગદર્શન હતું.

જેમાં ડીજીપી કે. એલ.એન. રાવ, રેન્જ આઈજી અશોકકુમાર યાદવની સૂચનાથી આ વણશોધાયેલ ગુન્હાના શોધી કાઢવા માટે તપાસ ડીએસપી સિમરન ભારદ્વાજને સોંપવામાં આવી હતી. ભોગ બનનાર દિકરી પાસેથી આરોપીનાં વર્ણન બાબતની માહિતી મળી શકે તેમ હોય જેથી એલ.સી.બી શાખાના મહિલા કર્મચારી તથા ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસર તથા ડોકટર્સ મારફતે આ દિકરીનું કાઉન્સલીંગ કરાવતા ભોગ બનનાર દિકરી દ્વારા આરોપીનું વર્ણન જણાવતા તે વર્ણન વાળા ઈસમોની આજુ-બાજુની સીમ વિસ્તારમાં મજુરી કામ કરતાં 200 જેટલા પરપ્રાંતિય શકમંદ ઈસમોની પુછપરછ કરવામાં આવેલ.આરોપી રેમસીંગ ઉર્ફે રામસીંગ તેરસીંગ ડુડવા (ઉ.વ.32 રહે. જી.અલીરાજપુર મધ્યપ્રદેશ) મળી આવતા તેની આગવી ઢબે પુછપરછ કરી હતી. ઘટના સ્થળથી આરોપીના વાળ મળી આવ્યા હતા જેની ફોરેન્સિક ચકાસણી કરવામાં આવી હતી.પોલીસે તપાસ કરીને 11 દિવસમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું.આવી જાતનામાંથી પસાર થયેલી બાળકી એ કોર્ટમાં જુબાની આપી હતી અને આરોપીને પણ ઓળખી બતાવ્યો હતો.એટલું જ નહીં ઘટના વખતે બાળકી સાથે રમતા અન્ય ચાર વર્ષના બાળકે પણ પોતાની જુબાની આપી. અને આરોપી ઘટના વખતે બાળકો રમતા હતા ત્યાં આવ્યો હતો અને આ બાળકીને લઈ ગયો હતો તેવું પુરવાર થયું હતું. આરોપી વિરૂધ્ધ ખુબ જ ટુંકા સમયમાં (મેડીકલ, ફોરેન્સીક, દસ્તાવેજી, સાંયોગીક, ટેકનીકલ તેમજ નજરે જોનાર બાળ સાહેદ તથા ભોગબનાર દિકરીનું નિવેદન લઈ પુરાવા એકત્ર કરાયા હતા.ઈન્વેસ્ટીગેશન કરનાર ટીમમાં ડીએસપી સીમરન ભારદ્વાજ, તેમની ટીમના પીએસઆઈ બી.ડી. જોષી, એએસઆઈ સંજયભાઈ કિહલા, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ મકવાણા, આટકોટ પોલીસ પીઆઇ આર.એસ.સાંકળીયા, રાઈટર એ.એસ.આઇ. વિનોદભાઈ વાસાણી, હેડ.કોન્સ અરવિંદભાઈ ઝાપડીયા દ્વારા કામગીરી કરાઈ હતી.

**અનિશ્ચિતતા** | એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન નિકાસમાં થયેલો વધારો નિકાસકારોની ક્ષમતાનો પુરાવો

## ટેરીફ વચ્ચે ભારતના નિકાસમાં વૃધ્ધિ

### ઊલટી ગંગા : અમેરિકામાં દેખાઇ અસર

• નવી દિલ્હી

અમેરિકાનાં ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ડિસેમ્બર મહિનામાં ભારતમાંથી માલની નિકાસ વર્ષ પહેલાંના સમાન મહિના કરતાં 1.87 ટકા વધીને 38.5 બિલિયન ડોલર રહી. બીજી તરફ, સોનાની આયાત લગભગ 12 ટકા ઘટીને 4.13 બિલિયન ડોલર રહી હોવા છતાં કુલ આયાત 8.7 ટકા વધીને 63.55 બિલિયન ડોલર સુધી પહોંચી.

તેના કારણે વેપાર ખાધ વર્ષ પહેલાંના 20.6 બિલિયન ડોલરથી વધીને 25.04 બિલિયન ડોલર થઈ ગઈ. ગુરૂવારે વાણિજ્ય મંત્રાલયે આ માહિતી આપી. નવેમ્બર મહિનામાં નિકાસ લગભગ 20 ટકા વધી હતી. ડિસેમ્બરમાં ચાંદીની આયાત 79.66 ટકા વધીને 758 મિલિયન ડોલર રહી. આ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બર સુધી માલની કુલ નિકાસ વાર્ષિક ધોરણે 2.44 ટકા વધીને 330.29 બિલિયન ડોલર થઈ છે.

ડિસેમ્બરમાં ચીનને નિકાસ 67.35 ટકા વધીને 2.047 બિલિયન ડોલર રહી. ત્યાંથી આયાત 20.01 ટકા વધીને 11.692 બિલિયન ડોલર થઈ. જ્યારે ડિસેમ્બરમાં અમેરિકા માટેની નિકાસ વર્ષ પહેલાંની તુલનામાં 1.83 ટકા ઘટીને 6.886 બિલિયન ડોલર રહી.

અમેરિકાનો 50 ટકા ટેરિફ 27 ઓગસ્ટે લાગું થયો હતો. ત્યારબાદ સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન અમેરિકા માટેની નિકાસ 25.6 બિલિયન ડોલર રહી, જ્યારે વર્ષ પહેલાંની સમાન અવધિમાં તે 25.8 બિલિયન ડોલર હતી.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે કહ્યું કે પડકારો હોવા છતાં નિકાસ વધતી રહી છે. તેમણે જણાવ્યું કે, આ નાણાકીય વર્ષમાં માલની નિકાસ 450 બિલિયન ડોલર પાર કરી શકે છે અને સેવાઓ સહિત કુલ નિકાસ 850 બિલિયન ડોલરથી વધુ થવાની અપેક્ષા છે.

FIEOના અધ્યક્ષ એસ.સી. રલ્હાને કહ્યું કે, એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન નિકાસમાં થયેલો વધારો નિકાસકારોની ક્ષમતાનો પુરાવો છે. ડિસેમ્બરમાં મુખ્યત્વે પેટ્રોલિયમ પ્રોડકટ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી, ચોખા, પ્લાસ્ટિક અને લેધર પ્રોડક્ટ્સની નિકાસમાં ઘટાડો થયો. જ્યારે એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, સમુદ્રી ઉત્પાદનો અને દવાઓની નિકાસમાં વધારો નોંધાયો હતો.

## હવે MFમાં ફી અને ટેક્સ અલગ - અલગ બતાવાશે

**મુંબઈ :** બજાર નિયામક સેબી (SEBI)એ મ્યુચ્યુઅલ ફંડના નિયમોમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. સેબીએ ખર્ચ બતાવવા માટે બેઝ એક્સપેન્સ રેશિયો (BER) નામની નવી પદ્ધતિ રજૂ કરી છે. હવે ફંડ હાઉસને મેનેજમેન્ટ ફી અને સરકારને જતાં ટેક્સ (GST અને STT) અલગ-અલગ બતાવવાના રહેશે. આ બદલાવથી રોકાણકારોને સ્પષ્ટ રીતે ખબર પડશે કે તેમના કેટલા પૈસા ફંડ ચલાવવા પાછળ ખર્ચાય છે અને કેટલું ટેક્સ તરીકે જાય છે. અત્યાર સુધી ફંડ હાઉસ ટોટલ એક્સપેન્સ રેશિયો (TER)ના નામે તમામ ખર્ચ એકસાથે બતાવતા હતા. આ નવા નિયમો 1 એપ્રિલ 2026થી અમલમાં આવશે.

## ગ્રીનલેન્ડ મુદ્દે ટ્રમ્પ ભુરાયા થયા : યુરોપિયન દેશોને ખુલ્લી ધમકી આપી

**વોશિંગ્ટન :** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર વૈશ્વિક સ્તરે ટેરિફની ધમકી આપી છે, પરંતુ આ વખતે તેમનું નિશાન યુરોપિયન દેશો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર કબ્જો કરીને તેને અમેરિકાનું રાજ્ય બનાવવા માંગે છે, પરંતુ યુરોપિયન દેશો તેમની આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે.આ વિરોધના જવાબમાં ટ્રમ્પે ચેતવણી આપી છે કે જે દેશ ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકાનું સમર્થન નહીં કરે, તેમના પર તેઓ ભારે ટેરિફ લગાવશે. તેમણે કહ્યું હતું કે હું એટલો ટેરિફ લગાવીશ કે ચક્કર આવી જશે.ટ્રમ્પનું માનવું છે કે રશિયા અને ચીનથી બચવા માટે અને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ ખૂબ જ જરૂરી છે, તેથી તેઓ કોઈપણ કિંમતે તેને મેળવવા માંગે છે. બીજી તરફ ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ વચ્ચે વાતચીત ચાલી રહી છે અને ડેનમાર્કે ત્યાં પોતાની સૈન્ય હાજરી વધારવાનો નિર્ણય લીધો છે. એવા અહેવાલ છે કે અન્ય યુરોપિયન દેશો પણ ગ્રીનલેન્ડમાં પોતાની સેના તૈનાત કરી શકે છે.વ્હાઈટ હાઉસમાં મીડિયાને સંબોધતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે જો ગ્રીનલેન્ડ મુદ્દે સાથ નહીં મળે તો વિરોધ કરનારા દેશો પર વધુ ટેરિફ લાગશે. આ તણાવ વચ્ચે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો બિયો અને ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસ્મુસેન વચ્ચે મુલાકાત થઈ હતી, પરંતુ આ બેઠકનું કોઈ પરિણામ આવ્યું ન હતું અને તે અનિર્ણિત રહી હતી.આ વિવાદમાં કેનેડાએ પણ ઝુકાવ્યું છે.

## જે કોલેજમાંથી પ્રશ્નપત્ર લીક થયુ હશે તેની માન્યતા સાથે ગ્રાન્ટમાં કાપ મુકાશે

**બેંગ્લુરુ :તાજેતરમાં** કર્ણાટક રાજયમાં વિવિધ પરીક્ષાઓમાં અમુક તત્વો અને કોલેજોમાંથી પ્રશ્નપત્ર લીક થવાની ઘટનાઓમાં હવે ત્યાંના પરીક્ષા બોર્ડ દ્વારા પ્રશ્નપત્ર લીક કરનારા તત્વો સામે લીક થયુ હોય તેની માન્યતા અને ગ્રાન્ટમાં કાપ મુકવા ઉપરાંત બ્લેકલીસ્ટ કરવાનો નિર્ણય લીધો છે.જેમ જેમ PUC અને SSLC પરીક્ષાઓ નજીક આવી રહી છે, તેમ તેમ બદમાશો પ્રશ્નપત્રો લીક કરીને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેટલાક લોકો સોશિયલ મીડિયા પર પ્રશ્નપત્રો લીક કરીને વિદ્યાર્થીઓને છેતરપિંડી પણ કરી રહ્યા છે અને PU બોર્ડ આ બદમાશો પર કાર્યવાહી કરવા માટે એક નવું હથિયાર અજમાવી રહ્યું છે.ગયા અઠવાડિયે યોજાયેલી રાજ્ય સ્તરીય પ્રારંભિક પરીક્ષામાં 6 જાન્યુઆરીએ યોજાયેલી ગણિતની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયું હતું. શિવમોગા અને કાલાબુર્ગીમાં પ્રશ્નપત્ર વાયરલ થયું હોવાના સમાચાર પ્રસારિત થયા બાદ સતર્ક થયેલા પૂર્વ-યુનિવર્સિટી શિક્ષણ વિભાગ સામે આવ્યો છે.પ્રશ્નપત્ર લીક કરનારા લોકો જે કોલેજોમાં કામ કરે છે તેમને બ્લેકલિસ્ટમાં ઉમેરવાની યોજના બનાવી રહી છે.

## અમેરિકાના વિઝા કડકાઈના કારણે 'સ્ટુડન્ટ લોન' કંપનીઓ પર દબાણ

બેંગલુરૂ : નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs) અને એજ્યુકેશન લોન સુવિધા આપતી પ્લેટફોર્મ્સ અનુસાર, અમેરિકામાં વિઝા નિયમો વધુ કડક બનતાં 2025ના કેલેન્ડર વર્ષમાં વિદેશ અભ્યાસ માટેની એજ્યુકેશન લોનમા ગયાં વર્ષની સરખામણીમાં 30 થી 50 ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. આ પ્રવૃત્તિ આગામી એક વર્ષ સુધી યથાવત રહેવાની અને કદાચ વધુ બગડવાની શક્યતા છે.

વિદ્યાર્થીઓ યુકે, ફ્રાન્સ, જર્મની અને પૂર્વ યુરોપનાં અન્ય દેશો જેવા વિકલ્પો શોધી રહ્યાં છે, પરંતુ અધિકારીઓનું કહેવું છે કે, ઐતિહાસિક રીતે અમેરિકન યુનિવર્સિટીઓ પરથી આવતી લોનની મોટી માત્રા જેટલું વોલ્યુમ અન્ય દેશોથી મેળવવું મુશ્કેલ રહેશે. We Make Scholars નામની એજ્યુકેશન લોન માર્કેટપ્લેસની સહ-સ્થાપક દામિની મહાજને કહ્યું, અમેરિકાથી આવતું કુલ વોલ્યુમ અંદાજે 60 ટકા ઘટ્યું છે. વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીઓ માટે લોન લઈ રહ્યાં છે, જે થોડી ભરપાઈ કરશે, પરંતુ કુલ વોલ્યુમ હજુ પણ 30 ટકાથી વધુ ઘટ્યું છે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકની એજ્યુકેશન લોનમાં મોટી ભાગીદારી છે. NBFC ક્ષેત્રમાં અવાંસે, ક્રેડિલા અને ઇનક્રેડ ફાઈનાન્સિયલ સર્વિસિસ મુખ્ય ખેલાડીઓ છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈ ઉત્તરાયણ પર્વે 'કરુણા અભિયાન' હેઠળ પાંચ પક્ષીઓના જીવ બચાવાયા

### ચાઈનીઝ દોરીના પ્રતિબંધ છતાં ઉપયોગ થતા પક્ષીઓ ઘાયલ

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ અને સમગ્ર તાલુકામાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જોકે, આ આનંદના પર્વ વચ્ચે આકાશમાં ઉડતા અબોલ પક્ષીઓ માટે પતંગની કાતિલ દોરી જીવલેણ સાબિત થઈ છે. ડભોઈ તાલુકામાં 'કરુણા અભિયાન' અંતર્ગત વનીકરણ વિભાગ અને સ્થાનિક સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી અનેક પક્ષીઓને નવજીવન મળ્યું છે, તો બીજી તરફ પાંચ પક્ષીઓએ પોતાના જીવ બચાવ્યો હતો.

કલેક્શન સેન્ટરો દ્વારા ત્વરિત કામગીરી પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી વનીકરણ વિભાગ બે દિવસની અંદર અલગ અલગ જાતિના ત્રણ કબુતર એક સમડી એક કાબર જીવ બચાવી લેવામાં આવ્યો હતો જાન્યુઆરી સુધી ચાલેલા આ વિશેષ અભિયાનમાં વન વિભાગની ટીમ અને સ્વયંસેવકો ખડેપગે રહ્યા હતા.જીવ બચાવવાના પ્રયાસો અને જાનહાનિ પ્રાપ્ત વિગતો અનુસાર, બે દિ વસમાં અલગ અલગ પાંચ પક્ષીઓના જીવ બચાવ્યા હતા દરમિયાન પતંગની દોરીમાં ફસાયેલા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પ પક્ષીઓને રેસ્ક્યુ કરી તેમનો જીવ બચાવવામાં સફળતા મળી હતી.

જોકે, દોરીના ઊંડા ઘાને કારણે સેવાભાવી સંસ્થાઓ દ્વારા પક્ષીઓની સર્જરી અને પ્રાથમિક સારવારની સઘન વ્યવસ્થા કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરીનો બેફામ ઉપયોગ ચિંતાનો વિષય સ્થાનિક લોકો અને સેવાભાવી સંસ્થાઓના જણાવ્યા મુજબ, વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરી (નાયલોન માંજો) પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં, ડભોઈમાં મોટા પાયે તેનો ઉપયોગ થતો જોવા મળ્યો હતો. પક્ષીઓ ઈજાગ્રસ્ત થવા પાછળનું મુખ્ય કારણ આ જીવલેણ ચાઈનીઝ દોરી હોવાનું સામે આવ્યું છે.અમે પક્ષીઓને બચાવવા માટે પૂરો પ્રયાસ કર્યો છે, પરંતુ ચાઈનીઝ દોરી એટલી ઘાતક હોય છે કે પક્ષીઓના પાંખ અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચે છે. લોકોએ પ્રતિબંધિત દોરીનો ઉપયોગ ટાળવો જોઈએ.

### જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ મહીસાગર જિલ્લાના પ્રવાસે

# ખાનપુર અને કડાણા તાલુકાના અનેક ગામોને સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા સુદ્રઢ કરવા મંત્રીનું સ્થળ નિરીક્ષણ

### કડાણા તાલુકાની સરસડી LI યોજનાનું નિરીક્ષણ કર્યું હતું

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ઈશ્વરસિંહ પટેલે આજે મહીસાગર જિલ્લાના વિવિધ જળ પ્રકલ્પોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામીણ વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા વધુ મજબૂત કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

મંત્રીએ વર્ષ ૨૦૨૨થી કાર્યરત ખાનપુર-પાદેડી ઉદવહન સિંચાઈ યોજનાના પંપીંગ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ યોજના રૂ. ૫૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે, જેની લંબાઈ ૪૬ કિ.મી. છે અને તે ખાનપુર તાલુકાના ૨૫ તળાવો ભરીને ૮૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા પૂરી પાડે છે. ત્યારબાદ તેમણે કડાણા તાલુકાની સરસડી LI યોજનાનું નિરીક્ષણ કર્યું હતું. પીવાના પાણીની વ્યવસ્થાના ભાગરૂપે મંત્રીશ્રીએ ખાનપુર તાલુકાના બામરોડા ગામે કારંટા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત નિર્મિત પાણીની ટાંકી અને ફિલ્ટર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ યોજનામાં ૪૩,૦૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતો સંપ (Sump) તૈયાર કરવામાં



આવ્યો છે, જેના દ્વારા વિસ્તારના અનેક ગામોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવે છે. મંત્રીએ મહીસાગરની જીવાદોરી સમાન કડાણા ડેમની મુલાકાત લઈ જળ સંગ્રહની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત તેમણે નરોડા તળાવની મુલાકાત લઈ સ્થાનિક જળ સંચયના કામોનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ નાની ક્યારી ખાતે કડાણા દાહોદ ઉદ્વહન સિંચાઈ યોજના પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લીધી હતી. મંત્રીની આ મુલાકાતથી જિલ્લાના સિંચાઈ અને પાણી પુરવઠાના કામોને નવી ગતિ મળશે. આ મુલાકાત દરમિયાન ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર, પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, કાળુભાઈ માલીવાડ, અગ્રણી દશરથભાઈ બારીયા, અધિક્ષક ઈજનેર એસ. પી. ગામીત, કડાણા વિભાગના કાર્યપાલક ઈજનેર દિપ્તી જા પાંડે સહિત અધિકારીઓ કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### અક્ષર કાઉન્ટી સોસાયટી માં થયેલ બેવાર ની ઘરફોડચોરીની ઘટનાથી લોકોમાં ફફડાટ

# ડભોઈની અક્ષર કાઉન્ટી સોસાયટીના બંધ મકાનમાં ચોરીથી લોકો ભયભીત

### લોખંડ ની ગ્રિલ ના ખીલા કાઢી આખી ગ્રિલ ઉખેડી ને તસ્કરોએ બારીમાંથી પ્રવેશી ને ચોરી ને અંજામ આપ્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ના વેગા ઓવર બ્રિજ ની બાજુમાં એવલોન સ્કૂલ પાસે આવેલ અક્ષર કાઉન્ટી સોસાયટી માં રહેતા મનહરભાઈ વસાવા ના બંધ મકાન ની બારી ની લોખંડ ની ગ્રિલ ના ખીલા કાઢી આખી ગ્રિલ ઉખેડી ને તસ્કરોએ બારીમાંથી પ્રવેશી ને ચોરી ને અંજામ આપ્યો હતો.જેમાં પલંગ નીચે મૂકેલ પેટી માંથી રોકડા રૂપિયા 10,000 સહિત ચાંદીના દાગીના ની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. પંદર જ દિવસ માં બીજીવાર ચોરી ની ઘટના થી સોસાયટી ના લોકો ભયભીત બન્યા છે.બ્રિજ ની બાજુમાં આવેલી ડભોઈ ના વેગા ઓવર અક્ષર કાઉન્ટી સોસાયટી માં રહેતા મનહરભાઈ વસાવા રહે છે.તેઓ મકાન ને તાળું મારી બહાર ગામ ગયા હતા.જેથી રહેલા મકાન નંબર રાત્રી મધ્યરાત્રિ ના તસ્કરો એ બારીની લોખંડ ની ગ્રિલ કાઢી ને મકાન માં પ્રવેશ કર્યો હતો. મકાન ના મુખ્ય દરવાજા પર લાગેલા તાળા ને હેમખેમ રાખ્યું ઘરફોડ ચોરીઓ ની ઘટનાઓ ની મોડસ ઓપરેન્ટી જોતા તસ્કરો સ્થાનિક હોવાની શંકા દ્રઢ બની ડભોઈ ની ભૌગોલિક સ્થિતિ થી વાકેફ હોય, ગંજેડી, ચરસી કે દારૂની ચુસ્કીઓ ના શોખીન હોય તેવા સ્થાનિક ઈસમો જ ચોરીના રવાડે ચડી બંધ મકાનો ની ઘરફોડ ચોરી ને અંજામ આપી રહ્યા હોવાની શંકા દ્રઢ બની રહી છે. ગમે તે બહાને ફેરિયા બની જે તે વિસ્તારો નો સર્વે કરી બંધ મકાન ને જ નિશાન બનાવી તસ્કરો પોલીસ ને એકમાસ થી હંફાવી રહ્યા



છે.અને વધુ ને વધુ ગુન્હાઓ ને અંજામ આપી રહ્યા છે હતું.જેમા મકાન માં પલંગ નીચે મૂકેલ પેટી માંથી કપડા અને સામાન ફેંદી નાખ્યો હતો. તિજોરીમાં રહેલા રોકડા રૂપિયા 10,000 તેમજ ચાંદીના છેડાની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. પંદર જ દિવસ માં એકજ સોસાયટી ને તસ્કરોએ બીજીવાર નિશાન બનાવી હતી.ડભોઈ નગર માં ચોરીઓની ઉપરા ઉપરી ઘટનાઓ સહિત અક્ષર કાઉન્ટી સોસાયટી માં થયેલ બેવાર ની ઘરફોડચોરીની ઘટના થી લોકો માં ફફડાટ વ્યાપી ગયો હતો.

# થરવાસાથી મોટા હબીપુરા વચ્ચે નમી ગયેલા વીજ થાંભલાઓ ખેડૂતો માટે બન્યા મોતનો ફાંદો

### ડભોઈ એમજીવીસીએલની ઘોર બેદરકારી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના થરવાસાથી મોટા હબીપુરા સુધીના ખેતરોમાં પસાર થતી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ની વીજ લાઈનમાં ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં ખેતરોમાં ઉભા કરવામાં આવેલા વીજ થાંભલાઓ જોખમી રીતે નમી ગયા છે, જેને કારણે ખેડૂતોના માથે સતત ભય તોળાઈ રહ્યો છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાતા ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.ખેતીકામમાં મોટું વિઘ્ન હાલ શિયાળુ પાકની સીઝન પૂરજોશમાં ચાલી રહી છે.ખેડૂતોને પાકને પાણી પાવા મા ટે વીજળીની સખત જરૂર હોય છે, પ રંતુ નમી ગયેલા થાંભલાઓને કારણે વા રંવાર વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે. લાઈન ટ્રીપ થવી અને લો-વોલ્ટેજ જેવી સમસ્યાઓથી ખેડૂતો કંટાળી ગયા છે.મોટી જાનહાનિની શક્યતા ખેત રોમાં ઉભેલા આ થાંભલાઓ ગ મે ત્યારે જમીનદોસ્ત થઈ શકે તેવી હાલતમાં છે. જો કોઈ થાંભલો



ચા લુ લાઈને પડી જાય, તો ખેતરમાં કા મ કરતા શ્રમિકો કે પશુઓના જીવ જઈ શ કે છે. ખેડૂતોની માગ છે કે: ન મી ગ યેલા થાંભલાઓને તાત્કાલિક સી ધા ક ર વામાં આવે.જે થાંભલા પાયામાંથી નબળા પડ્યા છે તેને જરૂરી ટે કા (Stays) આપવામાં આવે તૂટી ગ યે લા કે જર્જરિત થાંભલાઓના સ્થા ને નવા થાંભલા નાખવામાં આવે. તં ત્ર ની ઉ દાસીનતા સ્થાનિક ખેડૂતોના જ ણાવ્યા અ નુસાર, આ બાબતે MG-VCL ના અધિકારીઓને અવારનવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આ વી છે . તે મ છતાં, તંત્ર જાણે કોઈ મો ટી દુ ર્ઘ ટનાની રાહ જોતું હોય તેમ મૌન સે વી ને બેઠું છે. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ જોખમી થાં ભ લાઓ નું સમારકામ કરવામાં નહીં આવે, તો તેઓ મોટી જાનહાની થાય તો જવાબદાર કોણ

# મહીસાગર જિલ્લા સંકલન સમિતિની બેઠક કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને યોજાઇ



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક અને પ્રજાસત્તાક પર્વની ઉજવણી સંદર્ભે કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન સભાખંડમાં યોજાઇ હતી. આ બેઠકમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્રની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા. બેઠકમાં લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ દ્વારા વિવિધ વિષય પર લોકકલ્યાણના વહીવટી તંત્રને પ્રશ્નો કરવામાં આવ્યા જેનો વહીવટી તંત્ર દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યો.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, જિલ્લા પોલીસ વડા સફિન હસન નિવાસી અધિક કલેક્ટર સી વી લટા, ખેતીવાડી અધિકારી,પ્રાંત અધિકારીઓ તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિદ્ધપુરના ખળી ગામે જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર અને પ્રદર્શન યોજાયું

• સિદ્ધપુર

ગુજરાત રાજ્ય સરકાર ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તથા પાટણ જિલ્લા પંચાયત સંયુક્ત આયોજનથી જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શનનો ભવ્ય શુભારંભ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે કરવામાં આવ્યો તેમણે જણાવ્યું કે આવી શિબિરો અને પ્રદર્શનથી ખેડૂતોને આવક લક્ષી જાણકારી મળતી હોય છે

રાજ્ય સરકારની ખેડૂત અને પશુપાલન હિતલક્ષી નીતિઓના પરિણામે આયોજિત આ કાર્યક્રમમાં પશુપાલકોને આધુનિક, વૈજ્ઞાનિક અને આવકવર્ધક પશુપાલન અંગે વિસ્તૃત માર્ગદર્શન અને ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી.તે સાથે વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત લાભાર્થી પશુપાલકોને લાભના પાત્રો તથા સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડૉ. બી. એમ. સરગરા, મુકેશભાઈ ચૌધ, દિલીપજી ઠાકોર, જશુભાઈ પટેલ, વિક્રમસિંહ ઠાકોર, વિજયભાઈ મકવાણા, અભુજી ઠાકોર, પ્રકાશભાઈ વાઘેલા, કાંતિજી ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ સહિત પશુપાલન વિભાગના અધિકારીશ્રીઓ, ગ્રામજનો તથા મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

### એક આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી

# બાલાસીનોર ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં અશોક લેલન ટ્રકમાંથી રૂ.૯૭,૪૦,૬૧૫/- નો વિદેશી દારૂ ઝડપાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

બાલાસીનોર ટાઉન પો.સ્ટે. વિસ્તારમાંઅશોકલેલનટ્રકમાંથીરૂ. ૯૭,૪૦,૬૧૫/- નો વિદેશી દારૂ બોટલ નંગ-૧૪,૬૮૮ તથા કુલ. રૂ. ૧,૧૨,૪૬,૬૧૫/-ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડી પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી મહીસાગર એલ.સી.બી. મહીસાગરજિલ્લાપોલીસઅધિક્ષક સફીન હસનએ પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ પ્રોહિબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જે અનુસંધાને મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ..



એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જિલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહિ વોચ તપાસમાં રહેલ. જે દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના આ.પો.કો. ભરતભાઈ રણછોડભાઈને બાતમી મળેલ કે એક અશોક લેલન ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી ગોધરા તરફથી અમદાવાદ તરફ જનાર છે જે ચોક્કસ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસો ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર બાલાસીનોર નજીક સબરસ હોટલ પાસે સદર વાહનની વોચમાં રહેલ દરમ્યાન બાતમી મુજબનુ અશોક લેલન ટ્રક આવતા સ્ટાફના માણસોએ સરકારી તેમજ ખાનગી વાહનોની આડાશ કરી ટ્રકને રોકી એક ઈસમને ઝડપી લીધેલ બાદમાં સદર ટ્રકમાં ચેક કરતા તેમાં ઘાસનુ ભુસુ ભરેલ મીણીયા થેલાઓની આડમાં વિદેશી દારૂની પેટીઓ હોવાનુ જણાવી આવતા ટ્રકને પોલીસ જાપ્તા સાથે બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશન લાવી વધુ ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ ૧૪,૬૮૮ કુલ રૂ. ૯૭,૪૦,૬૧૫/- નો વિદેશી દારૂ તથા બીજો મુદ્દામાલ કુલ રૂ. ૧,૧૨,૪૬,૬૧૫/-નો મળી આવેલ જે અંગે બાલાસીનોર ટાઉન પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ આરોપીઓ- (૧) શકીલખાન લીયાકત હુશેન ખાન રહે, મુકતી દરવાજા દિગઠાન ગામ, થાના.સાગોર તા. સાગોર જી.ધાર મધ્યપ્રદેશ.

# ગુજરાતમાં દર વર્ષે મારૂતિની 10 લાખથી વધુ કાર બનશે

## હાંસલપુર બાદ ગાંધીનગરના ખોરજમાં બીજો પ્લાન્ટ સ્થાપવાની તૈયારી

• ગાંધીનગર

ગાંધીનગરના ખોરજ ખાતે મારુતિ સુઝુકી દ્વારા રૂ. 35,000 કરોડના માતબર રોકાણ સાથે એક વિશાળ પ્રોજેક્ટ આકાર લેવા જઈ રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટ માટેના ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરેમની યોજાઈ હતી. આ પ્લાન્ટ કાર્યરત થવાથી વાર્ષિક 10 લાખ કારનું ઉત્પાદન કરવાની ક્ષમતા કેળવાશે, જે ગુજરાતના ઓટોમોબાઈલ સેક્ટરને નવી ઊંચાઈ પર લઈ જશે. આ પ્રોજેક્ટ દ્વારા અંદાજે 12,000 લોકોને રોજગારી પ્રાપ્ત થશે. હાંસલપુર બાદ ગાંધીનગરના ખોરજમાં બીજો પ્લાન્ટ સ્થાપવાની કંપનીની તૈયારી. ગાંધીનગરના ખોરજમાં 1750 એકર જમીન પર મારુતિ સુઝુકી એક વર્ષમાં કુલ 10 લાખ કારના ઉત્પાદન ક્ષમતા ધરાવતો વિશ્વકક્ષાનો નવો વ્હિકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ વિકસાવશે. આ પ્રોજેક્ટથી સીધા અંદાજે 12 હજારથી વધુ લોકોને રોજગાર મળશે. જ્યારે એન્સિલીયરી યુનિટ્સ અને MSME એકમોના વિકાસથી લગભગ 7.5 લાખ જેટલી પરોક્ષ રોજગારીનું સર્જન થશે. ગાંધીનગરમાં યોજાયેલી



ઈન્વેસ્ટમેન્ટ લેટર હેન્ડ ઓવર સેરેમનીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મારુતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર હિતાશી તાકેઉચીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચે રોકાણ પત્ર આપલે કરવામાં આવ્યા હતા. આ અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ અને મારુતિ સુઝુકીના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ અંતર્ગત દર વર્ષે 2.5 લાખ કાર ઉત્પાદન ક્ષમતા ધરાવતા ચાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે, જેનાથી કુલ ઉત્પાદન ક્ષમતા 10 લાખ કાર પ્રતિ વર્ષ સુધી પહોંચશે. મારુતિ સુઝુકીનું આયોજન છે કે પ્રથમ પ્લાન્ટનું ઉત્પાદન 2029નાં નાણાકીય વર્ષથી શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, આ માત્ર એક નવો ઓટોમોબાઈલ પ્લાન્ટ નહીં પરંતુ દેશના સૌથી મોટા અને સ્પર્ધાત્મક ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ કોરિડોરને વધુ મજબૂત બનાવવાનું મહત્વપૂર્ણ પગલું છે. તેમણે ભારત-ગુજરાત-જાપાન વચ્ચેના મજબૂત ઉદ્યોગ સંબંધોનો ઉલ્લેખ કરી ગુજરાત સરકાર ઉદ્યોગોને સંપૂર્ણ સહયોગ આપતી રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆતથી જ જાપાન ગુજરાતનો મહત્વપૂર્ણ વિકાસ ભાગીદાર રહ્યું છે અને મારુતિ સુઝુકી જેવા પ્રોજેક્ટો રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે.

### ઉપરાષ્ટ્રપતિશ્રી મ્હામહિમ્ન.સીપી રાધાકૃષ્ણનજીએ

# દિલ્હીમાં પુ મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલ રામકથાનું આજે ઉદ્ઘાટન કર્યું

## સત્ય પ્રેમ, કરુણા સનાતન ધર્મ છેઃ મોરારિબાપુ

• દિલ્હી(તખુભાઈ સાંડસુર દ્વારા)

વિશ્વ શાંતિના મિશન માટે જૈન આચાર્ય લોકેશજીએ જૈન પંરપરાને સાથે રાખીને એક અદભુત રામકથાનુ આયોજન દિલ્હી પ્રગતિ મેદાનમાં આવેલ ભારત મંડપમમાં તા 17 જાન્યુઆરીથી 25 જાન્યુઆરી દરમિયાન કર્યું છે.જેનુ ઉદ્ઘાટન આજે શનિવારે ઉપરાષ્ટ્રપતિ, મહામહિમ્ન શ્રી સી.પી રાધાકૃષ્ણનજીના કરકમળોથી થયું.

ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે જૈન સંત દ્વારા રામ કથાનું આયોજન કરવું એ એક ઐતિહાસિક પહેલ છે. તેઓએ વ્યાસ ગાદી પર પૂજ્ય બાપુનું સન્માન કર્યું અને આચાર્યજીની પહેલનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું.બાપુના જીવનની સરાહના કરતાં તેઓએ ઉમેર્યું કે મારી ઉંમર 68 વર્ષ છે અને બાપુ 68 વર્ષ થી રામગાન કરે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે જૈન આચાર્ય લોકેશમુનિજી દ્વારા આયોજિત સનાતન મહાકુંભ ભારતના આધ્યાત્મિક પાયાને મજબૂત બનાવવાનો એક નોંધપાત્ર પ્રયાસ છે.પુ મોરારિબાપુની શ્રી રામ કથા શ્રેણીમાં આ 971મી કથા છે.



આ કથા દ્વારા ભારતની રાજધાની દિલ્હીથી વિશ્વ શાંતિ અને સદ્ભાવનાનો સંદેશ વિશ્વભરમાં ફેલાવવામાં આવી રહ્યો છે.તે દરેક ભારતીય માટે ગર્વની વાત છે. વ્યાસપીઠ પરથી પુ.શ્રી મોરારિબાપુએ જણાવ્યું હતું કે દિલ્હીમાં આયોજિત આ નવ દિવસીય રામ કથાનું આયોજન ભગવાન મહાવીર અને આપણા મહાવીર હનુમાનજી શાંતિ, સદ્ભાવના, અહિંસા અને કરુણાનો સંદેશ વિશ્વભરમાં ફેલાવવા અને લોકોને વિશ્વ શાંતિનો માર્ગ પ્રશસ્ત કરે.સત્ય,પ્રેમ કરુણા અને અહિંસા સનાતન ધર્મ છે.

આ કથા કોઈ નિંદા માટે નથી અને તે સનાતન ધર્મ પણ નિષેધ કરે છે. મુનિ લોકેશજી કહે છે કે અમે ઈચ્છીએ છીએ કે શક્ય તેટલા વધુ ભક્તો આ સનાતન મહાકુંભમાં ભાગ લે અને આચાર્ય લોકેશજીના વિશ્વ શાંતિ મિશનને સફળતા તરફ દોરી જાય.વૈદીકનો અર્થ થાય છે વૈશ્વિક દિશા આપવી.વિશ્વમાથી ધિક્કાર મિટાવવાનુ કાર્ય કરે તે સનાતન ધર્મ. રામચરિત માનસની પ્રસ્થાનત્રયી સત્ય, પ્રેમ, કરુણા છે.આજના પ્રથમ દિવસે માતૃ,પિતૃ,શિવ, પાર્વતીની વંદના આવે છે પણ પહેલી વંદના ગણેશજી છે.આ રીતે વંદના પ્રકરણથી કથાને વિરામ અપાયો.

વિશ્વ શાંતિ રાજદૂત આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે પુ મોરારિ બાપુએ સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોમાં રામ કથાની પરંપરા શરૂ કરી હતી અને વિદેશમાં, સંયુક્ત રાષ્ટ્રમાં પણ રામ કથા દ્વારા સદ્ભાવના, કરુણા અને માનવતાનો સંદેશ ફેલાવ્યો હતો. શ્રી બાપુ વિશ્વ શાંતિ કેન્દ્ર માટે નવ દિવસની રામ કથાનું સંચાલન કરી રહ્યા તેથી આ નિઃશંકપણે વિશ્વ શાંતિ માટેના પ્રયાસોમાં નવા પરિમાણો ઉમેરશે. આજની કથામાં જ્ઞાનેશ્વરજી મહારાજ,કાશી પીઠાધ્વરજી મહારાજ તથા મુનિજી મહારાજ ઋષિકેશ વગેરે ઉપસ્થિત હતાં. આયોજકોએ ભક્તો માટે બધી વ્યવસ્થા સુઆયોજિત રીતે કરી હતી.

### ગત 3 વર્ષથી શ્રાવણ અને મહાશિવરાત્રી માં વિક્રમજનક 12.65 લાખ જેટલી બિલ્વ પૂજા નોંધાઇ

# મહાશિવરાત્રીના પાવન પર્વે ભક્તો ઘરે બેઠા ઓનલાઈન માત્ર 25 માં બિલ્વ પૂજા નોંધાવી શકશે

**સુવિધા** ભક્તોને માત્ર 25 બિલ્વપૂજાના પ્રસાદમાં મોકલવામાં આવશે રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ



• દિપક જોષી દ્વારા પ્રાચી

શિવ ભક્તો માટે વર્ષના સૌથી મોટા ઉત્સવ એવા મહાશિવરાત્રીના પર્વ પર શ્રી સોમનાથ મહાદેવ પર પ્રતિદિન લાખો બિલ્વપત્રો અર્પણ કરવામાં આવનાર છે. આપેલ QR તથા શ્રી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ somnath.org પરથી ભક્તો બિલ્વ પૂજા ઘરેબેઠાનોંધાવી શકશે, અને આ બિલ્વાર્ચન સોમનાથ મહાદેવ ને પૂજારીશ્રી દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકસે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આજરોજ આ પુજાનું લોન્ચીંગ શ્રી સોમનાથ મંદિરના મુખ્ય પુજારીશ્રી ના હસ્તે અભિજીત મુહર્તમાં કરવામાં આવેલુ હતું. ત્યાર બાદ પ્રથમ પૂજા નોંધાવી પુજાનો વિધિવત પ્રારંભ કરવામાં આવેલ હતો. જેમાં ટ્રસ્ટના અધિકારીઓ તેમજ ભક્તો જોડાયા હતા. વિશેષમાં આ વર્ષ "સોમનાથ સ્વાભિમાન પર્વ " ઉજવવાનું નક્કિ કરવામાં આવેલ છે, ત્યારે આ બિલ્વ પૂજાનો લાભ લઈ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં જોડાવાનો લાભ લેવા શ્રદ્ધાળુઓને અપીલ કરવામાં આવે છે. છેલ્લા 3 વર્ષથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી અને શ્રાવણ પર્વે ભક્તો માટે આ વિશેષ બિલ્વપુજા સેવા શરૂ કરવામાં આવી રહી છે. જેમાંમોટી સંખ્યામાં ભક્તો તરફથી સોમનાથ મહાદેવનેબિલ્વપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભક્તોનો વિક્રમી પ્રતિસાદ મળ્યો છે. અત્યાર સુધીમાં 12.65 લાખ જેટલા પરિવારોએ આ પૂજા નોંધાવી છે અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે રુદ્રાક્ષ અને ભસ્મ પોસ્ટ મારફત દેશભરમાં ભક્તોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા છે. શાસ્ત્રોમાંશિવજીનેબિલ્વપત્ર અર્પણ કરવાનો મહિમા જણાવતાકેહવાયુ છે કે

શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોનાપાપો નાશ પામે છે. પવિત્ર મહાશિવરાત્રિ પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને માત્ર 25 ની ન્યોછાવર રાશિ થી બીલીપત્ર પૂજનનાપુણ્યઅર્જનની સાથે-સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલાએડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ તમામ ભકતોને બિલ્વપુજાના યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી લાઈવ દર્શન કરાવશે. ત્યારે મહાશિવરાત્રિ-2026 પર શ્રી સોમામથ ટ્રસ્ટની આ આઈકોનિક માત્ર 25 બિલવપુજામાં ભાગ લેવા માટે ભક્તોમાંઅનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ અદભુત બિલ્વ પૂજાનો લાભ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની ધિકારીકવેબસાઈટ somnath.org અથવા સ્ક્રીન પર આપેલ QR કોડ સ્કેન કરીને બુક થઈ શકશે.

# અમદાવાદના વસ્ત્રાપુરમાં વૃદ્ધ પાસેથી સારવારના બહાને લાખો પડાવ્યા

## કમરની સારવાર કરવા એક ટીપું લોહી કાઢવાના 7 હજાર નક્કી કર્યા

• અમદાવાદ

અમદાવાદમાં છેતરપિંડીનો એક અજીબ કિસ્સો સામે આવ્યો છે.વસ્ત્રાપુરમાં રહેતા વૃદ્ધ પાસેથી ગઠિયાઓએ ડોક્ટર તરીકેની ઓળખ આપીને કમરની સારવાર માટે શરીરમાંથી સોય નાખી કાળું લોહી કાઢવાના એક ટીપાના 7000 રૂપિયા નક્કી કર્યા હતા.બે દિવસમાં 95 જેટલા ટીપાં કાઢી વૃદ્ધ પાસેથી 4 લાખ પડાવ્યા હતા. વૃદ્ધ જ્યારે બેંકમાં પૈસા ઉપાડવા જતા ત્યારે એક વ્યક્તિ તેમની પાછળ જઈને તેમની રેકી પણ કરતો હતો. આ સમગ્ર મામલે સાઈબર ક્રાઈમે એક આરોપીની ધરપકડ કરી છે જ્યારે અન્ય આરોપી ફરાર છે. વસ્ત્રાપુરમાં રહેતા 80 વર્ષે વૃદ્ધ નિવૃત જીવન ગુજારે છે તેમના પત્ની 75 વર્ષના છે.વૃદ્ધના પત્નીને 2002માં લકવો થયો હતો.જેથી ફિઝિયોથેરાપીની સારવાર લેતા હતા. વૃદ્ધને એક વ્યક્તિએ પોતે એન્જિનિયર હોવાની ઓળખ આપીને કહ્યું હતું કે તેના માતાને પણ ઘૂંટણમાં તકલીફ હતી અને ડોક્ટર નીતિન અગ્રવાલની સારવાર કરાવી હતી જેનાથી સારું થયું છે. તમારે પણ તમારી પત્નીની સારવાર કરાવી હોય તો સારું થશે તેમ કહી નીતિન અગ્રવાલનો નંબર આપ્યો હતો. વૃદ્ધે નીતિન અગ્રવાલને ફોન કરતા નીતિન અગ્રવાલે ડોક્ટર દિવાનનો નંબર આપ્યો હતો. વૃદ્ધ ડોક્ટર દિવાનને ફોન કરતા 13 જાન્યુઆરીના રોજ ડોક્ટર દિવાન અને તેમનો આસિસ્ટન્ટ ધનરાજ પાટીલ વૃદ્ધના ઘરે આવ્યા હતા અને વૃદ્ધના પત્નીને શરીરમાં સોય નાખી કાળું લોહી કાઢતા હતા જેના એક ટીપાના 7000 રૂપિયા નક્કી કર્યા હતા.પ્રથમ દિવસે 55 જેટલા ટીપાં નીકળ્યા હતા અને 14 જાન્યુઆરીએ 40 જેટલા ટીપાં નીકળ્યા હતા. 15 જાન્યુઆરીના રોજ વૃદ્ધ બેંકમાં પૈસા ઉપાડવા ગયા હતા જેમાં તેમણે 4 લાખ રૂપિયા ઉપાડીને ડોક્ટર દિવાનને આપ્યા હતા. બાકીના બીજા પૈસા ફરીથી બેંકમાં ઉપાડવા ગયા ત્યારે બેન્ક કર્મચારીને ડિજિટલ એરેસ્ટની થયા હોવાની શંકા જતા બેંક કર્મચારીએ સાયબર ક્રાઈમને જાણ કરી હતી. સાયબર ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે વૃદ્ધની સાથે કોઈ અન્ય વ્યક્તિ પણ પૈસા ઉપાડવા ત્યારે હાજર રહેતો હતો જેથી પોલીસે તપાસ કરતા આ વ્યક્તિ ઝડપાયો હતો,જેનું નામ મોહમ્મદ અમજદ મહેમુદ હતું.આ સમગ્ર ટોળકી વૃદ્ધ વ્યક્તિઓને ટાર્ગેટ કરતી હતી અને સારવારના નામે લાખો રૂપિયા પડાવતી હતી. જ્યારે વૃદ્ધ વ્યક્તિ બેંકમાં પૈસા ઉપાડવા જાય ત્યારે આ ટોળકીના કેટલાક લોકો તેમની પર નજર રાખી રહ્યા હતા.આ સમગ્ર મામલે વૃદ્ધના પુત્રે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી છે જ્યારે બાકીના આરોપી ફરાર છે.

# SME ચેમ્બર ઓફ ઈન્ડિયામાં મુકુંદ પુરોહિત થિંક ટેન્કના રાષ્ટ્રીય સલાહકાર

• અમદાવાદ

નાના અને મધ્યમ ઉદ્યોગો માટે અગ્રણી અવાજ એવી રાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત SME ચેમ્બર ઓફ ઈન્ડિયા, હાલના બરોડા મેનેજમેન્ટ એસોસિએશનના પ્રમુખ અને ઉદ્યોગપતિ મુકુંદ પુરોહિતને રાષ્ટ્રીય સલાહકાર તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી છે. વ્યાપાર વ્યૂહરચના, ઉદ્યોગસાહસિકતા અને ઉદ્યોગ નેતૃત્વમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતાને પગલે મુકુંદ પુરોહિતને આ ભૂમિકા માટે પસંદગી કરવામાં આવી છે. એસએમઈ ચેમ્બર ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય સલાહકાર તરીકે, પુરોહિત SME સેકટરને વૃદ્ધિ અને પ્રોત્સાહન આપવા, નીતિગત સુધારાઓની હિમાયત કરવા અને ઉદ્યોગ સહયોગને પ્રોત્સાહન આપવા માટે ચેમ્બરના નેતૃત્વ સાથે નિકટતાથી કામ કરશે.



મુકુંદ પુરોહિત એક અનુભવી ઉદ્યોગ નિષ્ણાત છે જેમને ઉત્પાદન, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતા વિકાસ જેવા ક્ષેત્રોમાં અનુભવ છે. તેઓ MSME ગ્રોથ માટે એક અવાજ ઉઠાવનારા હિમાયતી રહ્યા છે અને વિવિધ સરકારી પહેલોમાં યોગદાન આપ્યું છે. આ નિમણૂક અંગે ટિપ્પણી કરતા, ભારતના SME ચેમ્બર ઓફ ઈન્ડિયાના સ્થાપક અને પ્રમુખ શ્રી ચંદ્રકાંત સાળુંકેએ જણાવ્યું હતું કે, 'અમને મુકુંદ પુરોહિતને અમારા સંગઠનના મુખ્ય સભ્ય તરીકે નિયુક્ત કરતા ખૂબ આનંદ થાય છે. SME અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રમાં તેમનો 35 વર્ષથી વધુનો અનુભવ એક મોટી સંપત્તિ રહેશે અને અમારા મિશનને આગળ વધારવામાં મદદ કરશે.' ભારતનું SME ચેમ્બર ઓફ ઈન્ડિયા એક અગ્રણી ઉદ્યોગ સંસ્થા છે જે વિવિધ ક્ષેત્રોમાં 10,000 થી વધુ SME નું પ્રતિનિધિત્વ કરે છે.

# સાબરમતી જેલમાં કેદીનો પાઘડીના કપડા વડે બાથરૂમમાં આપઘાતઃજેલમાં આવ્યાના 9માં દિવસે સુસાઇડ

• અમદાવાદ

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. આજે 17 જાન્યુઆરીએ વહેલી સવારે કેદીએ પોતાની પાઘડીના કપડા વડે જેલના બાથરૂમમાં જઈને આપઘાત કરી લીધો છે. કેદી વિરમગામ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં 8 જાન્યુઆરીના રોજ જ સેન્ટ્રલ જેલમાં આવ્યો હતો. જેલમાં આવ્યાનાં 9માં દિવસે જ કેદીએ આપઘાત કરી લીધો છે. મળતી વિગત અનુસાર, સાબરમતી સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી નિશાનસિંહ લોહાર(31 વર્ષ) 8 જાન્યુઆરીથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં આવ્યાં હતાં. નિશાનસિંહે વહેલી સવારે 2:30થી 3 વાગ્યાની વચ્ચે શાંતિનિકેતન યાર્ડના બેરેક નંબર 4ના બાથરૂમમાં પોતાની પાઘડીના કપડા વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ડોક્ટર દ્વારા તપાસ કરતાં નિશાનસિંહનું મોત થઈ ચૂક્યું હતું. મૃતક 8 જાન્યુઆરીએ જ જેલમાં આવ્યો હતો. મૃતક મૂળ પંજાબનો રહેવાસી છે. વિરમગામ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં સેન્ટ્રલ જેલમાં હતો.આ અંગે જેલ પ્રશાસન દ્વારા રાણીપ પોલીસને જાણ કરવામાં આવી હતી. રાણીપ પોલીસે આ અંગે તપાસ કરીને અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે. મૃતક પાસેથી કોઈ સ્યુસાઇડ નોટ મળી આવી નથી. પોલીસ દ્વારા આ અંગે ગુનો નોંધીને તપાસ કરવામાં આવી રહી છે.

### રેલિંગ સાથે મોપેડ અથડાતા ચાલકનું મોત, પુત્રી ઈજાગ્રસ્ત

# અમદાવાદના આસ્ટોડિયા નજીક BRTS કોરિડોરમાં ગમખ્વાર અકસ્માત

• અમદાવાદ

અમદાવાદના આસ્ટોડિયા દરવાજા નજીક ગત મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલું મોપેડ BRTS કોરિડોરની લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાતા ચાલક પિતાનું ઘટનાસ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેમની 16 વર્ષની પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાઈ હતી. મળતી માહિતી અનુસાર, બાપુનગર વિસ્તારમાં રહેતા કેતન પંચાલ ગત રાત્રે અંદાજે 11:30 વાગ્યાના સુમારે તેમની પુત્રીને મોપેડ પર બેસાડીને આસ્ટોડિયા દરવાજા પાસેથી પસાર થઈ રહ્યા હતા. કેતન પોતાનું મોપેડ લઈને BRTS કોરિડોરમાં પ્રવેશ્યો



હતો. પૂરઝડપે જઈ રહેલા મોપેડ પરથી કેતને અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને વાહન સીધું જ કોરિડોરની લોખંડની રેલિંગ સાથે અથડાયું હતું. આ ટક્કર એટલી જોરદાર હતી કે કેતનને માથાના ભાગે જીવલેણ ઈજા થઈ હતી અને તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનામાં પિતાની પાછળ બેઠેલી કિશોરીને પણ માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવની જાણ થતા જ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત પુત્રીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી. પિતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ પોલીસે કડક વલણ અપનાવ્યું છે. અકસ્માત માટે જવાબદાર ગણીને પોલીસે મૃતક કેતન પંચાલ વિરુદ્ધ જ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# અમદાવાદ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાંથી ઈમરાન ખેડાવાલાનું વોકઆઉટ

### અમદાવાદ કલેક્ટર કચેરીએ બેઠકમાં ધારાસભ્યોએ રેલવે, ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના પ્રશ્નો રજૂ કર્યા

• અમદાવાદ

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નો, અસલાલી તળાવ કામગીરી, મુનસર તળાવની સફાઈ, આરોગ્ય કેન્દ્રનાં કામો, વિરમગામ તાલુકાના ગામોના પોસ્ટલ પિનકોડને લગતાં પ્રશ્નો, દેત્રોજ તાલુકામાં પાણીના બોર, રોજગાર મેળામાં સ્થાનિકોને અગ્રતા, ગૌચરની જમીન, વીજ પુરવઠાના પ્રશ્નો, ડેટા એન્ટ્રી, દબાણો દૂર કરવા સહિત ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની ચર્ચા થઈ હતી. જ્યારે શહેરી વિસ્તારના પ્રશ્નોમાં સ્લમ રિહેબિલિટેશન, દબાણના પ્રશ્નો, યુએલસી, રેલવેને લગતા વિવિધ પ્રશ્નો, કુબેરનગર ITI ફૂટ ઓવર બ્રિજ, જેટકો, ટ્રાફિક, પોલીસ આવાસ, કાયદો અને વ્યવસ્થાની ચર્ચા કરી ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો અમિત શાહ, હર્ષદ પટેલ, જિતેન્દ્ર પટેલ, પાયલ કુકરાણી, ઈમરાન ખેડાવાલા, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, નિવાસી અધિક કલેક્ટર ભાવિન સાગર સહિત વગેરે સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ભાજપના નારણપુરાના ધારાસભ્ય જીતુ પટેલ અને સાબરમતીના ધારાસભ્ય હર્ષદ પટેલે તેમના વિસ્તારમાં રેલવેની દિવાલ દ્વારા રોડ ઉપર દબાણની વાત કરી હતી. જેમાં એક કમિટી બની છે અને નકશા રજૂ કરીને માપણી કરવામાં આવનાર છે. નરોડાના ભાજપના ધારાસભ્ય પાયલ કૂકરાણીએ જણાવ્યું હતું કે, તેમના મતવિસ્તારમાં ITI અંડરપાસ બનાવ્યો છે. જે S આકારનો છે, જેને બનાવવા સાંસદ દ્વારા કેન્દ્રમાંથી ગ્રાન્ટ મળી હતી અને તે બની પણ ગયો છે. પરંતુ તેમાં નિયમો મુજબ અડધે સુધી જ કેડી છે. જેથી તેને ક્રોસ કરવામાં શાળાએ જતા બાળકોને તકલીફ પડે છે. હાલમાં AMC દ્વારા બસ મૂકીને વ્યવસ્થા કરાઈ છે. પરંતુ ત્યાં ફૂટ ઓવર બ્રિજ બનાવવાની જરૂર છે. પાયલ કૂકરાણીએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર નગર ટાઉનશિપની સર્વે નંબર 5206ની જમીન વર્ષ 2016થી સરકારના નામે બોલતી થઈ ગઈ છે. જેની ઉપર સોસાયટી અને દુકાનો આવેલા છે. જેને કારણે તેમને લોન મળતી નથી. જમાલપુર ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળાએ જણાવ્યું હતું કે, જમાલપુર ઝોનલ ઓફિસમાં લિફ્ટ નથી, યુરીનરી નથી આમ બેઝિક સુવિધાઓ નથી. જેથી નવી કચેરી બનાવવા માગ કરી છે. આ માટે તેઓએ અલગ અલગ સરકારી જગ્યાઓ બતાવી પણ તંત્ર આગળ વધતું નથી. આથી તેમને મીટિંગમાંથી વોકઆઉટ કર્યું હતું. તેમના તો ઠીક પણ ભાજપના ધારાસભ્યોની રજૂઆત પર પણ કામ થતા નથી.

કબૂલાત

### ચાર શખસની શોધખોળ, LCBની કાર્યવાહી

# પાટણવાવમાં જેટકોના રીએકટરની ચોરી કરનાર ગેંગના ૬ સભ્યોની ધરપકડ કરાઈ

### આરોપીઓને ગુન્હામાં ઉપયોગમા લીધેલ વાહનની સાથે ઝડપી પડાયા

• પાટણવાવ

પાટણવાવમાં જેટકો કંપનીના ૧.૧૭ લાખના ત્રણ રીએકટરની ચોરી કરનાર તસ્કર ગેંગને રૂરલ એલસીબીએ ઝડપી લીધી હતી. પકડાયેલ તસ્કર ગેંગે જુનાગઢ, અમરેલી અને ગોંડલની ચોરીની કબુલાત આપી છે. રાજકોટ જિલ્લાના પાટણવાવ પાસે આવેલ જેટકો જી.ઈ.બી. ૬૬ કે.વી. સબ સ્ટેશનમાં જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવતા ગૌરાંગભાઈ કેશવજીભાઈ વાઢીયા એ જાહેર કરેલ કે, પાટણવાવ જેટકો જી.ઈ.બી. ૬૬ કે.વી સબ સ્ટેશનમા આવેલ ૧૧ કે.વી. કેપીસેટર બેંકના ત્રણ રીએક્ટર જેની કી રૂ. આશરે ૧,૧૭,૦૦૦ ની ચોરી થયાની પાટણવાવ પોલીસમાં ફરીયાદ કરતા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે ઉપરોક્ત ગુન્હાનો ભેદ ઉકેલવા સુચના આપેલ હોય જે અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સપેક્ટર વી.વી. ઓડેદરા તથા પો.સબ.ઈન્સ એચ.સી.ગોહીલ તથા આર.વી.ભીમાણના માર્ગદર્શન હેઠળ એએસઆઈ શક્તિસિંહ જાડેજા, હેડ કોન્સ અરવિંદસિંહ જાડેજા, કૌશીકભાઈ જોષી, ભાવેશભાઈ મકવાણાને હ્યુમન સોર્સીસ તથા ટેકનીલક સોર્સીસ થી મળેલ સંયુક્ત હકીકત આધારે આરોપીઓને ગુન્હામા ઉપયોગમા લીધેલ વાહનની સાથે ૬ આરોપીઓ અટક કરેલ આરોપીઓ(૧) કાટીયો ઉર્ફે કટી ઉર્ફે અશોક નરશીભાઈ વિરમગામીયા જાતે દે.પુ. ઉ.વ. ૩૫ રહે. મોરબી વીસીપરા તા.જી. મોરબી મુળ રહે. ગામ કંકાવટી તા ધાંગંધ્રા જી. સુરેન્દ્રનગર(૨) આકાશ સુરેશભાઇ વિકાણી જાતે દે.પુ. ઉ.વ. ૨૪ રહે. રાજકોટ માધાપર ચોકડી દ્રારકાધીશ પેટ્રોલપંપ પાછળ મુળ રહે. મોરબી લીલાપર રોડ તા.જી.મોરબી(૩) ઘનશ્યામ રાજુભાઈ હળવદીયા જાતે દે.પુ. ઉ.વ. ૨૬ રહે. મોરબી લીલાપર રોડ સાત હનુમાન મંદીર પાસે તા.જી.મોરબી મુળ રહે. વઢવાણ કુષ્ણનગર પાણીની ટાંકી પાસે જી સુરેન્દ્રનગર(૪) શંભુભાઈ કરશનભાઈ ખાવડીયા જાતે દે.પુ. ઉ.વ. ૩૮ રહે. ધાંગ્રધ્રા વાદીપરા ત્રણ માળીયા પાછળ રાજપર રોડ તા. ધાંગ્રધ્રા જી સુરેન્દ્રનગર(૫) વિજયભાઈ ઉર્ફે કાળીયો વિનોદભાઈ સોલંકી જાતે દે.પુ. ઉ.વ. ૨૮ રહે. મોરબી વીસીપરા મેઈનરોડ હનુમાનજીના મંદીર સામે તા.જી.મોરબી.



(૬) કાયદા ના સંઘર્ષમાં આવેલ બાળક જયારે આ તસ્કર ગેંગના (૧) દીપક કેશુભાઈ ડેરવાણીયા રહે. મોરબી (૨) શાયર દલસુખભાઈ મકવાણા રહે. રાજકોટ (૩) અરુણ વજુભાઈ વિરમગામીયા રહે અમદાવાદ (૪) કરણ ઓઘાભાઈ ભુતીયા રહે. મોરબીની શોધખોળ હાથ ધરી છે, પકડાયેલા તસ્કર ગેગને પાટણવાવની ચોરી ઉપરાંત આજથી આશરે દોઢેક માસ પહેલા ગોંડલના રીબડા ગામ પાસે એક જી.ઈ.બી.ના ટાવર માંથી કોપર વાયર ની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે. તેમજ ગઈ તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ જી.ઈ.બી. ના સબ સ્ટેશન માંથી રીએકટરની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.

### અમિત શાહ સુધીની સ્થાનિકોની રજૂઆત રંગ લાવી


# ગાંધીનગરના સેક્ટર-4 ખાતે રૂપિયા પાંચ કરોડના ખર્ચે નવું લેક ફ્રન્ટ બનાવવામાં આવશે

રજૂઆત રંગ લાવી

### ડમ્પિંગ યાર્ડ જેવી જમીન હવે ભૂગર્ભ જળ રિચાર્જ કરશે

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-4માં છેલ્લા 10 વર્ષથી સ્થાનિક રહીશો માટે માથાના દુખાવા સમાન બનેલી બિનવારસી જમીન હવે શહેરની સુંદરતામાં વધારો કરશે. વર્ષો અગાઉ ખોદકામ કરીને કાટમાળથી પૂરી દેવાયેલા સ્થળ પર ફરીથી તળાવ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ સ્થાનિકોએ કરેલી રજૂઆતો રંગ લાવી છે અને પાટનગરના આ વિસ્તારમાં જળસંચયની સાથે પર્યટન જેવું નવું કેન્દ્ર ઊભું થશે. ગાંધીનગરના સેકટર 4માં વર્ષો અગાઉ ખોદકામ કરીને કાટમાળથી પૂરી દેવાયેલા સ્થળ પર ફરીથી



તળાવ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષો પહેલા જ્યારે ગાંધીનગરનો વહીવટ પાટનગર યોજના વિભાગ હસ્તક હતો ત્યારે અહીં તળાવ માટે મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. જોકે સેક્ટર-1ના તળાવમાં પાણી ટકતું ન હોવાના તર્ક સાથે તંત્રએ સેક્ટર-4ના આ પ્રોજેક્ટને પડતો મૂકી ખાડામાં કાટમાળ ભરી દીધો હતો. જેના કારણે અહીં ગંદકી, મચ્છર અને વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. સ્થાનિક રહીશોની લાંબા સમયની લડત બાદ આખરે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અહીં તળાવના નવીનીકરણની કવાયત શરૂ કરાઈ છે.આ પ્રોજેક્ટની વાત કરીએ તો,આશરે 5.015 કરોડના ખર્ચે સાકાર થનાર આ પ્રોજેક્ટથી સેક્ટર-4 અને આસપાસના અંદાજે 1000 થી વધુ નાગરિકોને સીધો ફાયદો થશે. તળાવના નવીનીકરણની માટે 7962.91 ચોરસ મીટરના વિશાળ પ્લોટમાં આ પ્રોજેક્ટ ફેલાયેલો છે. જેમાં 2341.15 ચોરસ મીટરમાં મુખ્ય તળાવ વિકસાવવામાં આવશે. જ્યારે 5621.76 ચોરસ મીટર વિસ્તારમાં નાગરિક સુવિધાઓ ઉભી કરાશે. આ માત્ર એક તળાવ નહીં પરંતુ એક સુંદર પિકનિક સ્પોટ તરીકે વિકસાવવામાં આવશે. જેમાં બાળકો માટે ખાસ 'પ્લે એરિયા', વરિષ્ઠ નાગરિકો માટે બેસવાની વ્યવસ્થા અને સહેલાણીઓ માટે 'વોકિંગ ટ્રેક' બનાવવામાં આવશે. આ ઉપરાંત, સમગ્ર વિસ્તારમાં હરિયાળી જાળવવા ગ્રીન લોન, આકર્ષક સ્કલ્પચર અને ટોઈલેટ બ્લોક જેવી સુવિધાઓનો સમાવેશ કરાયો છે. આ પ્રોજેક્ટ પાછળનો સૌથી મહત્વનો ઉદ્દેશ્ય વરસાદી પાણીનો સંગ્રહ અને જળ સંરક્ષણનો છે. તળાવમાં પાણી ભરાવાથી આસપાસના વિસ્તારના ભૂગર્ભ જળના નીચા જતા સ્તરમાં સુધારો થશે. તંત્રના જણાવ્યા અનુસાર, આ કામગીરી 11 માસમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે અને આગામી 5 વર્ષ સુધી તેની જાળવણી સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવશે.

# ગાંધીનગર : સેક્ટર-15 વિસ્તારમાં આવેલા ફતેપુરામાં ભાડાની ઓરડીમાં ચાલતા જુગારધામ પર દરોડો

### જુગાર રમી રહેલા 10 શખસો ઝડપાયા

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-15 વિસ્તારમાં આવેલા ફતેપુરામાં પૂર્વ બાતમીના આધારે પોલીસ દ્વારા દરોડો પાડી જાહેરમાં ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા 10 શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા તમામ શખ્સો સેક્ટર-15 ના અલગ-અલગ મકાનોમાં ભાડેથી રહેતા હોવાનું સામે આવ્યું છે. આ અંગે સેકટર 7 પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર સેક્ટર-7 પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો, ત્યારે ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ફતેપુરામાં ગગાજી શીવાજી ઠાકોરની ભાડાની ઓરડી આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સમગ્ર જગ્યાને કોર્ડન કરી દરોડો પાડી 10 ઈસમોને ગંજીપાના અને રોકડ રકમ સાથે પકડી પાડ્યા હતા.



જેમની પૂછતાછમાં જુગારીઓના નામ કુલદિપસીંગ મહેન્દ્રસીંગ ગૌતમ,ભગતસીંગ રામનારાયણ કોળી,બ્રજલાલ જીયાલાલ રાય ,મોનુ રામઓતાર દોહરે,સુનીલકુમાર શ્રીબાબુરામ કોરી,દયાલ મુંગાલાલ વર્મા, ગજેન્દ્ર જોલીપ્રસાદ જાટવ,કમલેશ બ્રિજમોહન વર્મા ,અનિલસિંહ રામસનેહી કોરી અને જીતેન્દ્ર રામસર્નહી કોરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીઓની અંગઝડતી દરમિયાન મળી આવેલા રૂ.8630 અને દાવ પરથી રૂ 1540 રોકડા તેમજ ગંજીપાના મળીને રૂ,10,170 નો મુદ્દામાલ જપ્ત કરી તમામની જુગારધારા હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માણસામાં થશે પ્રજાસતાક દિવસની જિલ્લા કક્ષાની ઊજવણી કરાઈ



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં 26મી જાન્યુઆરી, 2026 પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે માણસા ખાતે આવેલી આર્ટસ કોલેજ કેમ્પસમાં કરવામાં આવનાર છે. જે અંતર્ગત સમગ્ર કાર્યક્રમની પ્રારંભિક રૂપરેખા અને તૈયારીઓના આયોજન માટે ગાંધીનગર કલેકટર મેહુલ દવેની અધ્યક્ષતામાં આજરોજ બેઠક મળી હતી. 26મી જાન્યુઆરી, 2026 પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે માણસા ખાતે આવેલ આર્ટસ કોલેજ કેમ્પસમાં કરવામાં આવનાર છે. જે અન્વયે કલેકટરની અધ્યક્ષતામાં આયોજન બેઠક મળી હતી. આ બેઠક અંતર્ગત કલેકટર ગાંધીનગર દ્વારા કાર્યક્રમના આયોજન અને તૈયારીઓ અંગે અધિકારીઓ તથા કર્મચારીઓ પાસે અહેવાલ મેળવવા ઉપરાંત પ્રજાસત્તાક પર્વની ઉજવણીને વધુ સુંદર અને યાદગાર બનાવવા સુચનો પણ માંગ્યા હતા. કલેકટરે ઉમેર્યું હતું કે, આ પર્વની ઉજવણી એ આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે. દેશભક્તિ અને દેશ માટે સમર્પિત, વીર-વીરાંગનાઓને યાદ કરતા આ લોકશાહીના મહાપર્વમાં સહ પરિવાર જોડાવા અધિકારીઓ અને કર્મચારીઓ સહિત જિલ્લાની જાહેર જનતાને પણ અનુરોધ કર્યો હતો.

# આતશબાજીમાં બેદરકારી ભારે પડી: અયોધ્યાનગરમાં ફટાકડાના તણખાએ ઘાસચારાને લપેટમાં લીધો, ભયનો માહોલ

• ભરૂચ

ભરૂચમાં ઉત્તરાયણની રાત્રિએ પતંગબાજી બાદ શરૂ થયેલી આતશબાજીએ રણમેદાન જેવો માહોલ સર્જ્યો હતો, પરંતુ આ આનંદ ત્યારે ચિંતામાં ફેરવાઈ ગયો જ્યારે અયોધ્યાનગર પાણીની ટાંકી પાસેના ખુલ્લા મેદાનમાં વિકરાળ આગ ફાટી નીકળી. ફટાકડાના તણખા મેદાનમાં પડેલા સૂકા ઘાસચારા અને કચરા પર પડતા જ આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના રહીશોમાં ભારે ગભરાટ અને દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ ભરૂચ નગરપાલિકાના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આગ ખુલ્લા મેદાનમાં હોવાથી કોઈ જાનહાનિ કે મોટી મિલકતને નુકસાન થયું નથી. પર્વની ઉજવણીમાં રાત્રિના સમયે ફટાકડા ફોડવાની બદલાયેલી પરંપરા જોખમી સાબિત થઈ રહી છે ત્યારે આ ઘટનાએ લોકોમાં જાગૃતિની લાલબત્તી ધરી છે. પાલિકાના લાશ્કરોની સમયસૂચકતાને લીધે આગ રહેણાંક વિસ્તાર સુધી પ્રસરતી અટકી હતી.

### ગણતરીકારોને 25 હજાર સુધીનું વેતન મળશે

# રાજ્યમાં ડિજિટલ વસ્તી ગણતરી-2027ની તૈયારીઓ શરૂ : બે તબક્કામાં કામગીરી થશે

• અમદાવાદ

ભારત સરકાર દ્વારા વસ્તી ગણતરી-2027 માટેની તૈયારીઓ ઝડપી ગતિએ શરૂ કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયના ડિરેક્ટોરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, આ વખતની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરાશે. જેમાં પ્રથમ તબક્કામાં ઘરયાદી અને મકાનગણતરી(HLO) સપ્ટેમ્બર 2026માં અને બીજા તબક્કામાં વસ્તીની ગણતરી(Population Enumeration-PE) ફેબ્રુઆરી 2027માં યોજાશે. આ પરિપત્રમાં ગણતરીકારો, સુપરવાઈઝરો અને અધિકારીઓ માટેના માનદ વેતન, તાલીમ, IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ લોજિસ્ટિક સપોર્ટની વિગતવાર જોગવાઈઓ જાહેર કરવામાં આવી છે. HLO માટે પ્રતિ ગણતરીકારને 9,000 અને PE માટે 16,000 માનદ વેતન નક્કી કરાયું છે, જ્યારે બંને તબક્કા પૂર્ણ કરનારને કુલ 25,000 સુધીની રકમ મળશે. વસ્તી ગણતરીના સફળ અમલ માટે રાજ્ય, જિલ્લા, મહાનગરપાલિકા અને તાલુકા સ્તરે IT સાધનો, વાહન માટે POL ખર્ચ અને કામગીરી માટે જરૂરી સાધનો માટે અલગ-અલગ બજેટ ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સ્તરે આ માટે 10 લાખ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે 5 લાખ અને તાલુકા સ્તરે 1 લાખ સુધીની જોગવાઈ રાખવામાં આવી છે. ગણતરીકારો અને સુપરવાઈઝરોને આધુનિક ટેક્નોલોજી આધારિત



તાલીમ આપવામાં આવશે. મોબાઈલ એપ્લિકેશન અને CMMS પોર્ટલ દ્વારા ડેટા એકત્રિત કરી રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવશે. સમગ્ર દેશમાં આશરે 100 રાષ્ટ્રીય ટ્રેનર્સ, 2000 માસ્ટર ટ્રેનર્સ અને 44,000 ફીલ્ડ ટ્રેનર્સ દ્વારા લાખો ગણતરીકારોને તાલીમ આપવામાં આવશે. પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વસ્તી ગણતરી-2027 સંપૂર્ણપણે ડિજિટલ હશે અને ડેટાની ગુણવત્તા તથા પારદર્શિતા પર ખાસ ભાર મૂકવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ, આ વસ્તી ગણતરી દેશની આગામી વિકાસ યોજનાઓ માટે મહત્વપૂર્ણ આધાર પુરો પાડશે.

# અંબાજીમાં માઈભક્તે ૭૨ લાખની કિંમતનું ૫૦૦ ગ્રામ સોનું માતાજીના મંદિરમાં અર્પણ

## અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આ ભક્તનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો

• અરવિંદ અગ્રવાલ અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે એક માઈભક્ત દ્વારા અંબાજી માતાજીના ચરણોમાં ૧૦૦ ગ્રામ ની પાંચ સોનાની લગડી જેની કિંમત અંદાજે ૭૨ લાખ રૂપિયા થાય છે એવું ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરવામાં આવ્યું હતું અમદાવાદના વતની આ શ્રદ્ધાળુએ પોતાની ઓળખ ગુપ્ત રાખી છે અને ભેટ માતાજીને સમર્પિત કરી છે. અંબાજી મંદિરના ટેમ્પલ ઈન્સ્પેક્ટર કાર્યાલય ખાતે આ સોનાનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. મંદિરમાં દર્શનાર્થે આવેલા આ માઈભક્તે પવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ-વિધાન સાથે આ સુવર્ણ લગડીઓ ટ્રસ્ટને સુપરત કરી હતી. અંબાજી મંદિરના શિખરને સુવર્ણમય બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે દેશ-વિદેશના ભક્તો પોતાની શ્રદ્ધા મુજબ સોનાનું દાન કરી રહ્યા છે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આ ભક્તનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને કારણે જ ભક્તો આ પ્રકારે ખુલ્લા હાથે દાન કરી રહ્યા છે. દાનમાં મળેલા આ સોનાનો



ઉપયોગ માતાજીના નીજ મંદિર અને શિખરના સુવર્ણ કાર્યમાં તેમજ અન્ય ધાર્મિક પ્રકલ્પોમાં કરવામાં આવશે.

# ગુજરાતના શૈક્ષણિક મંચે 11 જિલ્લાની 76 હાઈસ્કૂલમા આપ્યું માર્ગદર્શન

• ભાવનગર

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરે એક યાદીમાં જણાવ્યું છે કે સંસ્થાએ 'ગણતરથી ભણતર કથા'' શિર્ષકથી ધોરણ 10/12 ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન અભિયાન 11 જિલ્લામાં 76 હાઈસ્કુલમા ચલાવવામાં આવ્યું.23 જેટલા શિક્ષક ભાઈ બહેનોએ પ્રેરક શિક્ષકો તરીકે કુલ સંખ્યા 6,571 વિદ્યાર્થીઓ સુધી આ યાત્રાને પહોંચતી કરી.આ સંસ્થા આવી સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ સ્વબળે ઝીરો ખર્ચથી ચલાવી રહી છે.વિધાર્થીઓને પરિક્ષાના ભયથી ભ્રમિત નહીં પણ ભુતળ થવાનો સંદેશ એક નક્કર કાર્યથી આપવામાં આવ્યો.જેનુ સંકલન ડો.કિરીટભાઈ ચૌહાણ (આણંદ) દ્વારા કરવામાં આવ્યું.પ્રારંભમા મોટીવેટર શ્રી પરેશ ભટ્ટે ગુજરાતમા આ રીતે ચોક્કસ હેતુથી કાર્યરત સૌને તાલીમબધ્ધ કર્યા હતા.બધી સંસ્થાઓમાં ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ એક પથદર્શક બની રહી છે.આ અભિયાન તા 10-12-25 થી 11-1-26 સુધી એક માસ સુધી અવિરત કાર્યરત રહીને વિરામ પામ્યું.

**ઉજવણી**

### વીડિયો વાઇરલ થતાં ચારની ધરપકડ કરવામાં આવી

# અમદાવાદમાં હાથમાં દારૂની બોટલ-બંદૂક લઈ નબીરાએ ધાબુ માથે લીધું

## ઉત્તરાયણે આકાશમાં પતંગ ને અગાસીમાં 'ઝૂમ બરાબર ઝૂમ'

• અમદાવાદ

ઉત્તરાયણ હર્ષોઉલ્લાસનો તહેવાર છે. લોકો પરિવાર સાથે અગાસી પર બે દિવસ ધામધૂમથી ઉજવણી કરે છે. આ હર્ષોઉલ્લાસના તહેવારમાં નબીરાઓ પણ છાકટા બન્યા હતા. અમદાવાદમાં નબીરાઓએ અગાસી પર જાહેરમાં દારૂની બોટલ અને બંદૂક લઈ ધાબુ માથે લીધું હતું. ત્યારે આ નબીરાઓ આટલેથી નહોતા અટક્યા, તેમણે તેમની આ નફફટાઈનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યો હતો. વીડિયો વાઈરલ થતાં દારૂબંધીના લીરેલીરા ઊડ્યા હતા. પોલીસની કામગીરી સામે સવાલ ઊઠતાં અમદાવાદ પોલીસે 4 આરોપીની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયામાં ઉત્તરાયણના દિવસનો એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં ચાર યુવકો હાથમાં દારૂની બોટલ સાથે ડીજેના તાલે ઝૂમી રહ્યા હતા. નબીરાઓએ આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો, જે બાદ વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયો વેજલપુરમાં નામે વાઈરલ થતાં વેજલપુર પોલીસે તપાસ શરૂ કરી હતી. ત્યારે આ વીડિયો આનંદનગર પોલીસ સ્ટેશનની હદનો હોવાનું સામે આવ્યું હતું.



વેજલપુર પોલીસે વીડિયોના આધારે આરોપીની અટકાયત કરીને આનંદનગર પોલીસને સોંપ્યા હતા. આનંદનગર પોલીસે 4 શખસ સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે રવિ ઠાકોર, ગોવિંદ ઠાકોર, નિલેશ ઠાકોર, વિજય ઠાકોર, અજય ઠાકોરની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં વીડિયો 15 જાન્યુઆરીનો હોવાનું સામે આવ્યું હતું. વધુ એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં યુવક હાથમાં દારૂની બોટલ અને બંદૂક લઈને ડીજેના તાલે ઝૂમી રહ્યો છે. યુવક ધાબા પર જ મિત્રો સાથે એક હાથમાં દારૂની બોટલ અને એક હાથમાં બંદૂક લઈને નાચી રહ્યો છે. યુવક આ પ્રકારે હથિયાર અને હાથમાં દારૂની બોટલ લઈને કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડાવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણના દિવસે જ દારૂની મહેફિલમાં પશ્ચિમ વિસ્તારમાં બે કેસ થયા હતા અને દારૂની બોટલો સાથેના વીડિયો પણ વાઈરલ થયા હતા, જેના કારણે દારૂબંધીના પણ લીરેલીરા ઊડી રહ્યા છે, જોકે યુવકના વાઈરલ વીડિયો બાદ પોલીસ પણ યુવકની તપાસ કરી રહી છે.

### SOU અને નર્મદા ના DFO બન્ને વિચિત્ર પ્રકારના પ્રાણી છે

# રાજપીપલા કલેકટર કચેરીમાં સંકલન બેઠક તોફાની બની : સાંસદ મનસુખ વસાવા સંકલન બેઠકમાં અધિકારીઓ સામે વિફર્યા

**નેતાઓ વિફર્યા**

## સાંસદ મનસુખ વસાવા કહ્યું જિલ્લા ના કેટલાક અધિકારીઓ ક્રેક મગજ ના છે

• દીપક જગતાપ, રાજપીપલા

આજે રાજપીપલા કલેકટર કચેરીમાં સંકલન બેઠક તોફાની બની હતી. ખાસ કરીને સાંસદ મનસુખ વસાવા સંકલન બેઠકમાં અધિકારીઓ પર વરસી પડ્યા હતાં અને અધિકારી ઓનો રીતસર નો ઉધડો લેતા બેઠકમાં સન્નાટો છવાઈ ગયો હતો. જેમાં જંગલ ખાતા નાં અધિકારીઓ અંગે સાંસદે મીડિયાં સમક્ષ આક્રોશ વ્યકત કરતાં જણાવ્યું હતું કે ફોરેસ્ટ વિભાગનાં અધિકારીઓ sou નાં અને નર્મદાનાંડીએફઓ વિચિત્ર પ્રકાર નાં પ્રાણીઓ છે. કોઈને કોઈ પ્રકારનાં બહાના કરી વિકાસ નાં કામો અટકાવી દે છે. ત્યારે આફોરેસ્ટ વિભાગનાં અધિકારીઓ પોતાની માનસિકતા બદલેસાંસદે અધિકારીઓને ક્રેક મગજના હોવાનું જણાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. શું તમે લોકો અધિકારીઓ આદિવાસીનાં વિરોધી છો.?એમ કહીસાંસદ મનસુખ વસાવા સંકલન બેઠક માં અધિકારીઓ પર વિફર્યા હતાં રસ્તા બાબતે સાંસદે જણાવ્યું કે ન્યાય જોઈએ અમને રસ્તાઓ અટકાવી દીધા છે.કઈ રીતે વિકાસ નાં કામો અમારે કરવાના?. સંકલન માં ચર્ચાતા પ્રશ્નો વર્ષો સુધી પ્રશ્નો ઉકેલાતા નથીએવો આક્રોશ પણ વ્યક્ત કર્યો હતો. સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તારમાં બસ ચાલકો ની હડતાળ અને ફોરેસ્ટ એરિયાના રસ્તાઓ નુ કામ અટકાવતા નેતાઓ વિફર્યા હતાં. અનેઅધિકારીઓ ભાજપના નેતાઓને ગાંઠતા નથી તેઓ સવાલ પૂછતા સાંસદ મનસુખ વસાવા ગુસ્સે થયા હતાંસાંસદે કહ્યું હતું કે જિલ્લા સંકલનની બેઠકોમાં સવાલો પુછાય છે પરંતુ તેનું કોઈ નિરાકરણ આવતું નથી.સ્ટેચ્યુ ઓફ વિસ્તારમાં કામ કરવા બાબતે કોઈ રોકટોક ફોરેસ્ટ કરતું નથી સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તારમાં બસ ચાલકો ની હડતાળ અને ફોરેસ્ટ એરિયાના રસ્તાઓ નું કામ અટકાવતા નેતાઓ વિફર્યા હતાં. અનેઅધિકારીઓ ભાજપના નેતાઓને ગાંઠતા નથી તેઓ સવાલ પૂછતા સાંસદ મનસુખ વસાવા ગુસ્સે થયા હતાંસાંસદે કહ્યું હતું કે જિલ્લા સંકલનની બેઠકોમાં સવાલો પુછાય છે પરંતુ તેનું કોઈ નિરાકરણ આવતું નથી.સ્ટેચ્યુ ઓફ વિસ્તારમાં કામ કરવા બાબતે કોઈ રોકટોક ફોરેસ્ટ કરતું નથી ડેડીયાપાડા અને સાગબારામાં સ્ટેટ અને જિલ્લા પંચાયતના રસ્તાઓ રાજ્ય સરકારમાંથી મંજૂર થયા છે ૨૯ કરોડ ખર્ચે જંગલ વિસ્તારના રોડ રસ્તા ના કામો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈ ભૂમિ પૂજન કર્યું હતું જેનું કામ ફોરેસ્ટ તમામ કામો અટકાવી દીધા છે.કોન્ટ્રાક્ટ ના સાધનો જપ્ત કરી લીધા છે. એમ સાંસદે જણાવ્યું હતું.કેવડિયા છ ગામના પ્રશ્નો વળતર ને માગો છે જેનો ઉકેલ લાવવો જોઈએ એ મુદ્દો પણ ઉઠાવ્યો હતો જયારે આપ ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ અધિકારીઓ સામે પોતાનો રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે નર્મદા જિલ્લો અતિ પછાત જીલ્લો છે.જિલ્લા સંકલન અમે અવારનવાર પ્રજાના પ્રશ્નો પૂછીએ છે પરંતુ ઘણા અધિકારીઓને લોકોના કામમાં રસ નથી પોતે ટાઈમપાસ કરતા હોય તેવું વર્તન કરે છે..સંકલન સમિતિ માં સાંસદ ધારાસભ્ય દુઃખી થઈ જશે થઈ જશે એવું કંઈ કોરમ પૂરું કરે છે અમે બધાએ આક્રમકતાથી રજૂઆત કરી છે.જંગલ વિભાગના અધિકારીઓ માઈ બાપ હોય તેવું વર્તન કરે છે. આદિવાસી વિરોધી માનસિકતા ધરાવતા હશે તો આમની સાથે એ ભાષામાં પણ અમે વાત કરતા તૈયાર છેએમ ચૈતર વસાવાએ પણ અધિકાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતોવડોદરા જિલ્લામાં પાંચ ધારાસભ્યો ગંભીર બાબત લોકશાહી નું હનન થાય છે...ચૂંટાયેલા પ્રતિનિધિ ની વાત માનતા નથી. જોકે ધારાસભ્ય ચૈતર વસાવા દવારા 75 લાખની કરેલી માંગણી પ્રકરણનાં મુખ્ય બન્ને સૂત્રધારો કલેકટર સંજય મોદી અને કાર્યપાલક ઈજનેર સતીશ મોદીની ગેરહાજરી સૂચક બનીહતી. તેમજ નાંદોદનાં ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની પણ ગેરહાજરી સૂચક બની હતી. જોકે આજે કલેકટરની ગેરહાજરીમાં ડીડીઓની અધ્યક્ષતામા સંકલન બેઠક યોજાઈ હતી.

# શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના વિદ્યાર્થીઓએ લીધી દોરા મિલની મુલાકાત


## બાળકોને અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે

• (વંદના નીલકંઠ વાસુકીયા)

શનિવાર એટલે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે બેગલેસ ડે. શનિવારે વિદ્યાર્થીઓને અવનવું શીખવી શકાય અને નવી જાણકારી આપી શકાય તેવા ઉમદા હેતુથી શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના શિક્ષક હર્ષાબેન રાવળ દ્વારા દોરા મિલ વિદ્યાર્થીઓને મુલાકાત કરાવવામાં આવી હતી. દોરા મિલની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને દોરા કઈ રીતે બનાવવામાં આવે છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. દોરા મીલ જોયા બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ માહિતી અંગે અહેવાલ લેખન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પણ નવી માહિતી મેળવીને પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે વિદ્યાર્થીઓને કાંઈક નવું જ શીખવવા માટે શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના શિક્ષક હર્ષાબેન રાવળ દ્વારા બાળકોને અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે.



# જાન્યુઆરીના અંતમાં માવઠા સાથે કાતિલ ઠંડીનો ખતરો, ખેડૂતોના શ્વાસ અધ્ધર!




• અમદાવાદ/ભરૂચ

હવામાન નિષ્ણાતોની લેટેસ્ટ આગાહીએ સમગ્ર રાજ્યમાં ફફડાટ ફેલાવી દીધો છે. જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં ગુજરાતમાં 'માવઠું' અને 'કોલ્ડવેવ'નો બેવડો માર પડવાની પૂરેપૂરી સંભાવના છે. હવામાન વિશ્લેષકોના મતે, આગામી ૨૧ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાશે અને ઉત્તર ગુજરાત સહિત કચ્છના સરહદી વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબકી શકે છે. આ 'આકાશી આફત' રવિ પાકને ખેદાન-મેદાન કરી શકે છે, જેના કારણે ધરતીપુત્રો ચિંતામાં ગરકાવ થયા છે.

આગાહી મુજબ, માત્ર વરસાદ જ નહીં પણ ૨૬ જાન્યુઆરીની આસપાસ ઉત્તર ભારત તરફથી આવતા બર્ફીલા પવનો ગુજરાતને થીજવી દેશે. માવઠા બાદ વાતાવરણમાં ભેજ વધતા ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. હાલમાં નલિયા ૯.૨ ડિગ્રી સાથે ઠીંગરાઈ રહ્યું છે, ત્યારે આગામી દિવસોમાં પારો વધુ ગગડવાની શક્યતા છે. કમોસમી વરસાદ અને હાડ થીજવતી ઠંડીનું આ 'ડેન્જર કોમ્બિનેશન' જનજીવનને વેરવિખેર કરી શકે છે. શું ગુજરાત આ કુદરતી પલટા માટે તૈયાર છે? તે તો આવનારો સમય જ બતાવશે.

# મહારાષ્ટ્રમાં 'કમળ' ખીલતા ભરૂચમાં દિવાળી જેવો માહોલ: કસક કાર્યાલય પર કેસરીયો ઉત્સવ



• ભરૂચ

શું પાડોશી રાજ્યની જીત કોઈ અન્ય રાજ્યમાં આટલો મોટો ઉત્સાહ લાવી શકે? જી હા, મહારાષ્ટ્રની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયના પડઘા ભરૂચના કસક વિસ્તારમાં જોરશોરથી સંભળાયા છે. મહારાષ્ટ્રમાં ભાજપનો ભગવો લહેરાતા જ ભરૂચ જિલ્લા ભાજપ પરિવારમાં જીતનો જબરદસ્ત કરંટ જોવા મળ્યો હતો. કસક સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય 'પંચમ' ખાતે કાર્યકરોએ વિજયના ગુલાલ ઉડાડી આકાશને કેસરીયા રંગે રંગી દીધું હતું. આ ઐતિહાસિક વિજયના જશ્નમાં ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અને જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી સહિતના દિગ્ગજ નેતાઓ મેદાનમાં ઉતર્યા હતા. કાર્યકરોએ ભારે આતશબાજી કરી વાતાવરણ ગજવી મૂક્યું હતું અને એકબીજાનું મોઢું મીઠું કરાવી જીતની વધામણી આપી હતી. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ આ જીતને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'વિકાસની રાજનીતિ' પર જનતાએ મારેલી મહોર ગણાવી હતી.

### 6 લાખ રૂપિયાના ખર્ચે 29 કેમેરા લગાવવામાં આવ્યા

# રાણપુરની સુરક્ષા માટે જિ.પં.ના સદસ્યની ગ્રાન્ટમાંથી CCTV કેમેરા લગાવતા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

• વિપુલ લુહાર,રાણપુર

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં CCTV 13 કેમેરા લગાવવામાં આવ્યા છે.6 લાખના ખર્ચે 15માં નાણાપંચ અને જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન કેશુભાઈ પંચાળાની ગ્રાન્ટમાંથી 6 લાખના ખર્ચે કુલ 29 કેમેરા મંજૂર થયા છે. જેમાંથી 13 કેમેરા લગાવવામાં આવ્યા છે.જેમાં પાળીયાદ ત્રણ રસ્તે 5 કેમેરા,લીંબડી ત્રણ રસ્તે 4 કેમેરા, અને માલધારી ચોક ખાતે 4 કેમેરા મળી કુલ 13 કેમેરા લગાવવામાં આવ્યા છે જે લઈને રાણપુરમાં અસામાજિક પ્રવૃત્તિ,ચોરી,લુંટ તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા માટે આ કેમેરા આશીર્વાદ



રૂપ સાબિત થશે હાલ 13 કેમેરા રાણપુર શહેરમાં લગાવી દેવામાં આવ્યા છે અને આગામી દિવસમાં અન્ય વિસ્તારોમાં પણ આ કેમેરા લગાવવાની કામગીરી કરવામાં આવશે તેવુ રાણપુર જિલ્લા પંચાયત સીટના સદસ્ય કેશુભાઈ પંચાળા એ જણાવ્યુ છે. લોકાર્પણ બોટાદ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન કેશુભાઈ પંચાળા અને રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલના હસ્તે કાર્યક્રમમાં મનસુખભાઈ મેર, નરેશભાઈ જાંબુકીયા,જેસાભાઈ સભાડ, બટુકભાઈ મેણીયા,ઈકબાલભાઈ પાયક(લક્કડભાઈ)ગનુભા પરમાર,બાપલભાઈ પાયક સહીત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.13 CCTV કેમેરા લગાવવામાંઆવતાલોકોકેશુભાઈ પંચાળા નો આભાર માની રહ્યા છે..

# અંકલેશ્વરમાં 'મોતનો લપસણો માર્ગ' પાણીની લાઈન ફાટતા પાણી માટીમાં ભળ્યું

### દોઢ કલાકમાં ૨૫ વાહનચાલકો કીચડમાં ખાબક્યા!



• અંકલેશ્વર,

અંકલેશ્વરના ગડખોલ સ્થિત ઐયપ્પા મંદિર પાસે તંત્રની બેદરકારીના કારણે લોહી થીજવી દે તેવા દ્રશ્યો સર્જાયા હતા. ઉકાઈ નહેરના કામ દરમિયાન પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈન ફાટતા ધોધમાર પાણી રસ્તા પર વહેવા લાગ્યું હતું. ખોદકામ કરેલી માટી આ પાણીમાં ભળતા ૧૦૦ મીટરનો હાઈવે જાણે 'ડેન્જર ઝોન' બની ગયો હોય તેમ કીચડમાં ફેરવાઈ ગયો હતો. આ લપસણા રસ્તા પરથી પસાર થતા બાઈક અને રીક્ષા ચાલકો પત્તાના મહેલની જેમ ધરાશાયી થવા લાગ્યા હતા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તંત્ર ની ઘોર બેદરકારીને કારણે માત્ર દોઢ કલાકમાં જ ૨૫ થી વધુ વાહ નો અહીં સ્લીપ થયા હતા. ૨ સ્તા પર કીચડના સામ્રાજ્ય વ ચ્ચે વાહનચાલકોની ચીસો અને દોડધામથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. કેનાલની માટી સમયસર ન ખસેડવાને કારણે સર્જાયેલી આ માનવસર્જિત આફત સામે લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ સવાલ ઉઠાવ્યો છે કે, શું કોઈ મોટી દુર્ઘટના બાદ જ તંત્ર જાગશે? હાલ તો આ માર્ગ પરથી પસાર થવું જોખમનો ખેલ બની ગયો છે.

# શિક્ષણ કે ચૂંટણીલક્ષી કામગીરી? BLOની ડબલ ડ્યુટીમાં ભીંસાતા શિક્ષકોની આરપારની લડાઈ: SDM ને ધારદાર રજૂઆત

• અંકલેશ્વર/ભરૂચ

શું એક જ સમયે એક વ્યક્તિ બે વિરોધાભાસી જવાબદારીઓ પૂર્ણ કરી શકે? ભરૂચ જિલ્લામાં હાલ ચાલી રહેલા મતદારયાદી સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત બુથ લેવલ ઓફિસર (BLO) તરીકે ફરજ બજાવતા શિક્ષકોની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ છે. આ ગંભીર મુદ્દે 'રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ' દ્વારા અંકલેશ્વર SDM ને એક ચોટદાર રજૂઆત કરવામાં આવી છે, જેમાં BLO ને શૈક્ષણિક કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ આપી ઓન-ડ્યુટી સમય વધારવાની માંગ કરવામાં આવી છે.

મહાસંઘે પોતાની રજૂઆતમાં સવાલ ઉઠાવ્યો છે કે, જ્યારે ચૂંટણી પંચની આ કામગીરી અત્યંત અગત્યની અને સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોય, ત્યારે શિક્ષકો પર શૈક્ષણિક કાર્યનો બોજ રાખવો કેટલો વ્યાજબી? હાલમાં SIR કાર્યક્રમનો બીજો તબક્કો પૂરજોશમાં ચાલી રહ્યો છે, ત્યારે BLO ને માત્ર આ જ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા દેવા જોઈએ.

### લાંબા સમય બાદ દીકરો ઘરે પરત આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો

# ડાંગ પોલીસની માનવીય સંવેદના: ૧૨ વર્ષથી ગુમ થયેલા યુવાનનું પરિવાર સાથે કરાવ્યું સુખદ મિલન

### વઘઈ પોલીસની આ કામગીરીને બિરદાવવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા

વઘઈ: પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમવીર સિંહ (સુરત વિભાગ) અને ડાંગ પોલીસ અધિક્ષક સુશ્રી પૂજા યાદવ દ્વારા ગુમ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા માટે શરૂ કરાયેલા ખાસ અભિયાન અંતર્ગત વઘઈ પોલીસને મોટી સફળતા મળી છે. 'ઓપરેશન મિલાપ' હેઠળ પોલીસે છેલ્લા ૧૨ વર્ષથી ગુમ રણજીતભાઈ ચિંતુભાઈ ચૌધરીને શોધી કાઢી તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું છે. મૂળવાનરચોંડ (તા.વઘઈ) ના વતની રણજીતભાઈ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન વાપીની રાફેલ કોલેજમાં અભ્યાસ કરતા હતા. તે સમયે તેઓ કોઈને પણ જણાવ્યા વગર હોસ્ટેલમાંથી ક્યાંક નીકળી ગયા હતા. ૧૨ વર્ષ વીતી જવા છતાં પરિવાર તેમની રાહ જોઈ રહ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવી અને તેમની ટીમે આ મામલે સંવેદનશીલતા દાખવી તપાસ તેજ કરી હતી. પોલીસે વાપી કોલેજના જૂના મિત્રો અને હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે સંપર્ક સાધ્યો હતો. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સની મદદથી જાણવા મળ્યું કે રણજીત કચ્છના ગાંધીધામમાં છે. તુરંત જ પો.સ.ઈ. એમ.એસ. રાજપૂતની ટીમને કચ્છ મોકલી રણજીતનો સંપર્ક કરવામાં આવ્યો હતો. યોગ્ય કાઉન્સેલિંગ બાદ તેને વઘઈ લાવવામાં આવ્યો હતો. લાંબા સમય બાદ દીકરો ઘરે પરત આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો.

વઘઈ પોલીસની આ કામગીરીને બિરદાવવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને પોલીસ અધિકારીઓને પુષ્પગુચ્છ આપી આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીમાં એ.એસ.આઈ. ભગીરથસિંહ, હેડ કોન્સ્ટેબલ રમણીકભાઈ અને જયરામભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી.




### ડાંગ જિલ્લાના ગોંડલવિહિર પ્રાથમિક શાળાની ઉપશિક્ષિકા છે

# કલ્પનાબેન પુન્યાભાઈ માહલાને પ્રતિષ્ઠિત ચિત્રકૂટ પારિતોષિક-૨૦૨૫ એવોર્ડ એનાયત કરાયો

**ગૌરવ પ્રાપ્ત થયુ** શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાની ગોંડલવિહીર પ્રાથમિક શાળામાં ઉપ શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રીમતિ કલ્પનાબેન પી માહલાને પ્રસિદ્ધ સંત રામાયણ કથાકારપૂજ્ય શ્રી મોરારી બાપુના પાવન હસ્તે ચિત્રકૂટ એવોર્ડ તા.૧૪/૦૧/૨૦૨૬ ના દિને તેમની શૈક્ષણિક કામગીરીના આધારે આપવામાં આવ્યો હતો. કલ્પનાબેન પી માહલાને શિક્ષણ ક્ષેત્રે વર્ષોથી કરેલી સમર્પિત સેવા, નવીન શિક્ષણ પદ્ધતિઓ તથા બાળકોને અવનવી પ્રવૃત્તિઓ સાથે શિક્ષણ આપવાના ઉત્તમ કાર્ય બદલ પ્રતિષ્ઠિત ચિત્રકૂટ પારિતોષિક-૨૦૨૫ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ગૌરવસભર સન્માન ભાવનગર



જિલ્લાના તળગાજરડા ખાતે મોરારિબાપુના પાવન સાનિધ્યમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આપવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરના શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષકોને તેમના શિક્ષણ ક્ષેત્રે કરેલા ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કલ્પનાબેન માહલાએ પોતાની શિક્ષણ સેવાની શરૂઆત ટાકલીપાડા વર્ગ શાળામાં કરી હતી, જ્યાં તેમણે અનેક વર્ષો સુધી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ માં તેમની બદલી ગોંડલવિહિર પ્રાથમિક શાળામાં થતાં પણ તેમણે એ જ ઉત્સાહ અને સમર્પણ સાથે શિક્ષણ કાર્ય આગળ વધાર્યું. તેઓને આજ દિન સુધી તાલુકા શ્રેષ્ઠ, ડાંગ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. તેઓએ ચાઈલ્ડ યુનિવર્સિટી ગાંધીનગરમાં પણ પોતે બનાવેલ રમકડાંનું પ્રદર્શન કર્યું છે. રાજ્ય કક્ષાએ ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાગ લઈ ત્યાં પણ નંબર મેળવી, GCERT ગાંધીનગર માં કાર્યશાળામાં ભાગ લીધેલ. બાળકોમાં જ્ઞાન સાથે સંસ્કાર, શિસ્ત અને આત્મવિશ્વાસ વિકસાવવામાં તેમનો અભિગમ હંમેશા પ્રશંસનીય રહ્યો છે. કલ્પનાબેન માહલાને પ્રાપ્ત થયેલા આ સન્માનથી ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પરિવાર, શિક્ષક સમુદાય તેમજ સમગ્ર જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે. શિક્ષક સંઘ સહિત શિક્ષણપ્રેમીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવતાં ભવિષ્યમાં પણ તેઓ બાળકોને અવનવી પ્રવૃત્તિઓ સાથે શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતર્યા અને સાયરનો ગુંજી ઉઠી!

### અંકલેશ્વર યાર્ડમાં રેલવેની 'ડિરેલમેન્ટ' મોકડ્રિલે કુતૂહલ જગાડ્યું

• અંકલેશ્વર

અંકલેશ્વર રેલવે યાર્ડમાં ગુડ્સ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી પડ્યા હોવાના દ્રશ્યો સર્જાતા રેલવે તંત્ર અને સ્થાનિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, થોડી જ ક્ષણોમાં રેલવે વિભાગ દ્વારા આ એક પૂર્વનિર્ધારિત 'મોકડ્રિલ' હોવાનું જાહેર કરવામાં આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. આ કવાયતનો મુખ્ય હેતુ આકસ્મિક રેલ દુર્ઘટના સમયે બચાવ કામગીરી અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલનની સજ્જતા ચકાસવાનો હતો.

આ મોકડ્રિલ દરમિયાન રેલવેના ઉચ્ચ અ ધિકારીઓની દેખરેખ હેઠળ અકસ્માત જેવી સ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં રેલવે સુરક્ષા દળ, ટેકનિકલ ટીમ સહિત અંકલેશ્વર અને પાનોલીના ફાયર ફાઈટરોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રેક્ટિસમાં ટ્રેન પાટા પરથી ઉતરે ત્યારે ઈજાગ્રસ્તોને બચાવવા, આગ બુઝાવવી અને ટૂંકા સમયમાં રેલ વ્યવહાર પુનઃસ્થાપિત કરવાની



કામગીરીનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, વાસ્તવિક કટોકટી સમયે પ્રતિસાદનો સમય (Response Time) ઘટાડવા અને માનવીય ભૂલો નિવારવા માટે આવી મોકડ્રિલ સમયાંતરે આયોજિત કરવામાં આવે છે.

# ભાડામાં સીધો ૧૨૦૦% નો તોતિંગ વધારો! વાલિયાના વેપારીઓ લાલઘૂમ

### શું ગરીબ કેબિનધારકોની રોજગારી પર તરાપ મરાશે?

• વાલિયા

શું કોઈ સરકારી ભાડું એકસાથે ૧૨ ગણું વધી શકે? વાલિયા તાલુકા પંચાયતના એક નિર્ણયે સ્થાનિક નાના વેપારીઓમાં ખળભળાટ મચાવી દીધો છે. શિક્ષણ સમિતિની જમીન પર વર્ષોથી નાની-મોટી કેબિનો ચલાવી ગુજરાન ચલાવતા વેપારીઓ પર ભાડાનો એવો 'બોમ્બ' ફૂટ્યો છે કે વેપારીઓનું બ્લડપ્રેશર વધી ગયું છે. જે જગ્યાનું ભાડું અત્યાર સુધી માત્ર ૨ પ્રતિ ચોરસ ફૂટ હતું, તેને રાતોરાત વધારીને ૨૫ કરી દેવાતા વેપારીઓનો પિત્તો ગયો છે.

મોટી સંખ્યામાં વેપારીઓએ એકઠા થઈ તાલુકા વિકાસ



અધિકારી (TDO) ની કચેરીએ હલ્લો બોલાવ્યો હતો અને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવ્યું હતું. વેપારીઓનો સ્પષ્ટ આક્ષેપ છે કે, આટલો મોટો વધારો વ્યવહારુ નથી અને તે નાના વેપારીઓને પાયમાલ કરી દેશે. બજારના હાલના દરો કરતા પણ અનેકગણું ભાડું વસૂલવાની આ નીતિ સામે વેપારીઓએ આરપારની લડાઈના એંધાણ આપ્યા છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ 'તઘલખી' નિર્ણય પાછો ખેંચે છે કે પછી વેપારીઓનું આંદોલન વધુ ઉગ્ર બને છે?

# ગૌરક્ષકો દ્વારા ખાખીનું સન્માન: અંકલેશ્વરમાં ગૌમાંસના સોદાગરોને ઝડપી પાડતી એ-ડિવિઝન પોલીસની ટીમને VHPએ બિરદાવી



• અંકલેશ્વર

અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસે બાતમીના આધારે કાગદીવાડ વિસ્તારમાં દરોડો પાડી મોટા પાયે ચાલતા ગૌમાંસના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દુધિયાપીર દરગાહ સામેના એક મકાનમાંથી ૧૩૦ કિલો ગૌમાંસ અને સાધન-સામગ્રી સાથે ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. પોલીસની આ ત્વરિત અને પ્રશંસનીય કામગીરીને બિરદાવવા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પોલીસકર્મીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

વિગત મુજબ, પી.આઈ. પી.જી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે કાગદીવાડમાં ત્રાટકી અબ્દુલ રઝાક કુરેશી, સાહિદ કુરેશી અને કિશોર નામના શખ્સોને ઝડપી પાડ્યા હતા. ઘટ નાસ્થળેથી ૧૩૦ કિલો ગૌમાંસ, છરા, કુહાડી, વજન કાંટો તેમજ હેરફેરમાં વપરાતી રીક્ષા અને મોપેડ મળી કુલ ૮૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

### વિકાસ ગટરમાં ગરકાવ

# જંબુસર ડેપોમાં બસ પકડવી એટલે ગંદા પાણીમાં 'ડૂબકી' લગાવવા જેવી આફત!

• જંબુસર

એક સમયે જંબુસરના વિકાસનું પ્રતીક ગણાતું આધુનિક એસટી બસ સ્ટેશન આજે તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે ગંદકી અને દુર્ગંધનું કેન્દ્ર બની ગયું છે. ડેપોમાં ગટરના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે હાલ ભરશિયાળે પ્લેટફોર્મ પર ગંદા પાણી ફરી વળ્યા છે, જેના કારણે મુસાફરો, વિદ્યાર્થીઓ અને એસટી કર્મચારીઓને નરક જેવી સ્થિતિમાં અવરજવર કરવાની ફરજ પડી રહી છે.

વર્ષ ૨૦૦૦માં મુસાફરોની સુવિધા માટે નિર્મિત આ ડેપોમાં વરસાદી અને ગટરના પાણીના નિકાલ માટે કોઈ કાયમી આયોજન



કરવામાં આવ્યું નથી. પરિણામે, પ્લેટફોર્મ પર ઉભરાતા ગટરના પાણી અને તેમાંથી આવતી અસહ્ય દુર્ગંધ ને કારણે મુસાફરોનું ત્યાં ઉભા રહે વું પણ મુશ્કેલ બન્યું છે. બસ પકડવા માટે મુસાફરોએ આ દૂષિત પાણીમાંથી પસાર થવું પડે છે, જે સ્વાસ્થ્ય માટે પણ જોખમી સાબિત થઈ શ કે તેમ છે. વર્ષો વીતી ગયા હોવા છતાં તંત્ર દ્વારા આ ગંભીર સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવતા સ્થાનિક જનતામાં વહીવટી તંત્ર સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.33023.16 કરોડનાં કામકાજ

# સોનું એપ્રિલ રૂ.1.47 લાખ અને ચાંદી જુલાઇ, ચાંદી-મિની તથા ચાંદી-માઇક્રો એપ્રિલ વાયદા રૂ.3 લાખના ઊંચા સ્તરને પાર

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.149028.82 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.40110.56 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.108912.9 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 38970 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2688.48 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.33023.16 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.142589ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.143296 અને નીચામાં રૂ.142400ના મથાળે અથડાઈ, રૂ.143121ના આગલા બંધ સામે રૂ.31 વધી રૂ.143152 થયો હતો. આ સામે સોનું એપ્રિલ વાયદો ઉપરમાં રૂ.147772ના ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.248 ઘટી રૂ.116000 થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.10 ઘટી રૂ.14532ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.6 વધી રૂ.142856 થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.143131ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.143595 અને નીચામાં રૂ.142700ના મથાળે અથડાઈ, રૂ.143406ના આગલા બંધ સામે રૂ.14 વધી રૂ.143420ના સ્તરે પહોંચ્યો હતો.

**એમસીએક્સ ટોપ-5 વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | 27-01-2026 | 283.1 | 289.2 | 6.1 | 2.15 |
| નેચરલ ગેસ-મિની | 27-01-2026 | 283.2 | 289.1 | 5.9 | 2.08 |
| ક્રૂડ તેલ | 19-02-2026 | 5366 | 5459 | 93 | 1.73 |
| ક્રૂડ તેલ-મિની | 19-02-2026 | 5368 | 5459 | 91 | 1.70 |
| મેન્થા તેલ | 30-01-2026 | 974.3 | 976.5 | 2.2 | 0.23 |

**એમસીએક્સ ટોપ-5 ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| નિકલ | 21-01-2026 | 1692 | 1650 | -42 | -2.48 |
| ઇલેક્ટ્રિસિટી | 30-01-2026 | 4224 | 4127 | -97 | -2.30 |
| તાંબું | 30-01-2026 | 1308.5 | 1297.45 | -11.05 | -0.84 |
| એલ્યુમિનિયમ | 30-01-2026 | 318.7 | 317 | -1.7 | -0.53 |
| જસત-મિની | 30-01-2026 | 318.15 | 316.75 | -1.4 | -0.44 |

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.287127ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.292865 અને નીચામાં રૂ.285513ના મથાળે અથડાઈ, રૂ.291577ના આગલા બંધ સામે રૂ.104 વધી રૂ.291681ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.471 વધી રૂ.293892ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.341 વધી રૂ.293881ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ચાંદીનો દૂર ડિલિવરી જુલાઈ વાયદો રૂ.306654, ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.302191 અને ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.302320ના ઓલ ટાઈમ હાઈ સ્તરને સ્પર્શ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.3391.98 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.10.6 ઘટી રૂ.1297.9ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.1.3 ઘટી રૂ.316.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.1.75 ઘટી રૂ.316.95ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો 10 પૈસા ઘટી રૂ.191.9 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.3470.22 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4220ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4252 અને નીચામાં રૂ.4110ના મથાળે અથડાઈ, રૂ.98 ઘટી રૂ.4126ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.5340ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5438 અને નીચામાં રૂ.5314ના મથાળે અથડાઈ, રૂ.5347ના આગલા બંધ સામે રૂ.83 વધી રૂ.5430ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.86 વધી રૂ.5430ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.5.4 વધી રૂ.288.5ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.5.5 વધી રૂ.288.7 થયો હતો.

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.83ની તેજી: કોમોડિટી વાયદાઓમાં રૂ.40110.56 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.108912.9 કરોડનું ટર્નઓવર: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 38970 પોઈન્ટના સ્તરે**

### નબીપુરમાં વહેલી પરોઢે DGVCL ની 'વીજ સ્ટ્રાઈક'

## ૨૦ ટીમોના કાફલાએ ૩૦૦ જોડાણો ફંફોસ્યા, વીજચોરોમાં ફફડાટ



• ભરૂચ / નબીપુર

ભરૂચ જિલ્લાના નબીપુર ગામે ગતરોજ વહેલી પરોઢે દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે વીજ ચેકિંગની વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવતા ફફડાટ વ્યાપી ગયો હતો. ગામવાસીઓ જ્યારે મીઠી નીંદરમાં હતા ત્યારે જ DGVCLની અંદાજે ૨૦ જેટલી ટીમોના મોટા કાફલાએ ગામના વિવિધ વિસ્તારોમાં ધામા નાખ્યા હતા, જેના કારણે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

આ આકસ્મિક કાર્યવાહી દરમિયાન અધિકારીઓ દ્વારા અંદાજે ૩૦૦ જેટલા રહેણાંક અને વ્યાપક વીજ જોડાણોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જોકે, વીજ ચોરી કે અન્ય ગેરરીતિ બદલ કેટલા દંડની આકારણી કરવામાં આવી છે તેની સત્તાવાર વિગતો હજુ જાહેર થઈ નથી. DGVCLની આ કડક કાર્યવાહીથી વીજ ચોરી કરનારા તત્વોમાં ભારે ચિંતા જોવા મળી હતી.

### ડીટવાસ એમ્બ્યુલન્સમાં EMT સુધાબહેનની સમયસૂચક કામગીરી

# સ્થળ પર જ સફળ પ્રસૂતિ કરાવી માતા અને બાળકના જીવ બચાવ્યા

**સરાહનિય કામગીરી** માતા અને બાળક બંનેને સુરક્ષિત રીતે CHC કડાણા ખાતે દાખલ કરવામાં આવ્યા હતા

• કાનજી ધામોત મહીસાગર

, મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના રેલવા ગામમાં ડીટવાસ એમ્બ્યુલન્સની ત્વરિત અને જવાબદાર કામગીરીથી એક માતા અને નવજાત બાળકનો જીવ બચી ગયો હતો. કડાણા તાલુકાની ડીટવાસ એમ્બ્યુલન્સને રેલવા ગામમાંથી તાત્કાલિક પ્રસૂતિનો કેસ મળતાં જ EMT સુધાબહેન અને પાયલોટ મનુભાઈ વાગડિયા વિલંબ વિના સ્થળ પર પહોંચ્યા હતાં. પરંતુ દર્દીની સ્થિતિ ગંભીર બનતાં એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલાં જ સ્થળ પર જ પ્રસૂતિ કરવાની ફરજ પડી હતી. EMT સુધાબહેનએ પોતાની કુશળતા અને હિંમતથી સ્થળ પર જ સફળ ડિલિવરી કરાવી હતી.

નોંધનીય બાબત એ હતી કે નવજાત બાળકના ગળામાં નાળ (કોર્ડ) વીંટળાયેલી હતી, તેમ છતાં EMT સુધાબહેનએ સમજદારીપૂર્વક પરિસ્થિતિ સંભાળી બાળકને સલામત રીતે જન્મ આપ્યો હતો. પ્રસૂતિ બાદ એમ્બ્યુલન્સમાં માતા અને બાળકને લઈ ડૉ. ઋચી મેડમ સાથે સતત સંપર્કમાં રહી તેમની માર્ગદર્શન અનુસાર જરૂરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

ત્યારબાદ માતા અને બાળક બંનેને સુરક્ષિત રીતે CHC કડાણા ખાતે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં હાલ બંનેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ સફળ કામગીરી બદલ દર્દીના સગાસંબંધીોએ EMT સુધાબહેન, પાયલોટ મનુભાઈ વાગડિયા તેમજ ડીટવાસ એમ્બ્યુલન્સ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી શુભકામનાઓ પાઠવી હતી. આ ઘટના આરોગ્ય સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓની માનવતા, સમર્પણ અને જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બની છે.



# મહારાષ્ટ્રમાં 'ભાજપના ભવ્ય વિજયને મહીસાગર જિલ્લા ભાજપે વધાવ્યો



• કાનજી ધામોત મહીસાગર

મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ભાજપ ગઠબંધન પ્રચંડ વિજય તરફ આગળ વધી રહ્યું છે. ભાજપના પ્રચંડ વિજયના સમાચાર મળતા જ આ ઐતિહાસિક વિજયને વધાવવા માટે મહીસાગર જિલ્લાના મુખ્યમથક લુણાવાડા ખાતે જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડાના ચાર કોશિયા નાકા પાસે આવેલા ભાજપ કાર્યાલય ખાતે મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા અને ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી મુક્તિબેન જોશીની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. કાર્યકર્તાઓએ ભારત માતા કી જયના નારા લગાવી અને ફટાકડા ફોડી સમગ્ર વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું.આ પ્રસંગે એકબીજાના મોં મીઠા કરાવીને કાર્યકર્તાઓ ઢોલ-નગારાના તાલે વિજય ઉત્સવ મનાવ્યો હતો.આ વિજય ઉત્સવમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# વીડિયોકોન કંપનીમાં ત્રાટકેલી ગેંગનો પર્દાફાશ, ત્રણ ઝબ્બે



• ભરૂચ

ભરૂચ જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ચોરીના ૬ નંગ LED TV સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડી કુલ ૪,૧૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વિગત મુજબ, LCBની ટીમે મહાવીર ટર્નિંગ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ ઈકો ગાડીને રોકી તપાસ કરતા તેમાંથી સફેદ ચાદરમાં લપેટલા ૬ LED TV મળી આવ્યા હતા. ગાડીમાં સવાર અમિત ઉર્ફે ઈમલો વસાવા, અક્ષય વસાવા અને સુનીલ વસાવાની કડકાઈથી પૂછપરછ કરતા તેમણે પાંચ દિવસ પહેલા ચાવજ સ્થિત વીડિયોકોન કંપનીમાં રાત્રિના સમયે ઘૂસીને ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. પોલીસે ચોરીમાં વપરાયેલી ઈકો ગાડી, મોબાઈલ ફોન અને ટીવી મળીને કુલ ૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ દીપક અને મીસુ વસાવાને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ માટે 'સી' ડિવિઝન પોલીસને સોંપ્યા છે.

### બાઈક ચોરીના ૪ ગુનામાં ફરાર

## ગુનેગારને અંકલેશ્વરમાંથી ઝડપી પાડ્યો




• ભરૂચ

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા અને હાંસોટ પોલીસ મથકના બાઈક ચોરીના ચાર ગુનાઓમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને ઝડપી પડ્યો છે. જિલ્લાના નાસતા-ફરતા આરોપીઓની યાદીમાં સામેલ બિલાલ અહેમદ શાહને અંકલેશ્વર કોર્ટ પરિસર પાસેથી દબોચી લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, LCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે હાંસોટમાં બાઈક ચોરીનો મુદ્દામાલ લેનાર આરોપી બિલાલ અહેમદ અનવારૂલહશન શાહ (રહે. કાપોદરા, અંકલેશ્વર) કોર્ટ પાસે ઉભો છે. બાતમીના આધારે પોલીસે વર્ણન મુજબના કપડાં પહેરેલા શખ્સને કોર્ડન કરી તેની અટકાયત કરી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ આરોપી લાંબા સમયથી પોલીસની ધરપકડથી બચવા નાસતો ફરતો હતો. પોલીસે તેને પકડી પાડી BNSS એક્ટ હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ માટે હાંસોટ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### વેરા વસૂલાત છતાં સુવિધા શૂન્ય હોવાના આક્ષેપ સાથે પ્રમુખની કેબિન બહાર સૂત્રોચ્ચાર

# ભરૂચ પાલિકામાં 'આપ'નો હલ્લાબોલ

• ભરૂચ

ભરૂચ નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના અભાવે જનતા પરેશાન હોવાના મુદ્દે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા પાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભાજપ શાસિત નગરપાલિકા વેરા વસૂલવામાં વ્યસ્ત છે પરંતુ જનતાને ગટર, પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહી હોવાના આક્ષેપ સાથે કાર્યકરોએ પાલિકા પ્રમુખની કેબિન બહાર જ બેસીને સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભરૂચ જિલ્લા 'આપ' પ્રમુખ પિયુષ પટેલની આગેવાનીમાં વોર્ડ નંબર-૨ ના રહીશો સાથે પાલિકા પહોંચેલા આગેવાનોએ લેખિત રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અનેક વિસ્તારોમાં ખુલ્લી ગટરો અને પીવાના પાણીની અછત જેવી ગંભીર સમસ્યાઓ છે, છતાં તંત્ર મૌન છે. 'આપ' દ્વારા તંત્રને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે કે જો આ સમયગાળામાં સમસ્યાઓનો કાયમી ઉકેલ નહીં આવે તો નગરપાલિકાને તાળાબંધી કરવા સહિતના ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે.



**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# રાણપુર-પાળીયાદ હાઈવે રોડ પર બાઈક આડું રોઝડુ ઉતરતા ગ્રામસેવકનું અકસ્માતમાં મોત

## રાણપુર તાલુકા પંચાયતના ખેતીવાડી વિભાગમાં ગ્રામસેવક તરીકે ફરજ પર જતાં ચિરાગભાઈ સોલંકીનું ઘટનાસ્થળે નિધન

• બોટાદ:વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના રાણપુર-પાળીયાદ હાઈવે રોડ પર એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બાઈક ચાલકને રોઝડું આડું ઉતરતા આ અકસ્માત થયો હતો, જેમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મૃતકનું નામ ચિરાગભાઈ સોલંકી હતું જેઓ રાણપુર તાલુકા પંચાયતમાં ખેતીવાડી વિભાગમાં ગ્રામસેવક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પોતાના ગામ વાંગધ્રાથી નોકરી પર જવા માટે રાણપુર આવી



રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. રાણપુર-પાળીયાદ હાઈવે રોડ પર બાઈક પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન અચાનક એક રોઝડું આડું ઉતરતા ચિરાગભાઈએ બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે તેમને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ચિરાગભાઈ સોલંકી તેમના પિતાના એકમાત્ર પુત્ર હતા. થોડા સમય પહેલા જ તેમના લગ્ન થયા હતા અને તેમને એક નાનું બાળક પણ છે. આ ઘટનાને પગલે તેમના પરિવાર પર શોકનો માહોલ છવાઈ ગયો છે. રાણપુર તાલુકા પંચાયતના કર્મચારીઓમાં પણ આ દુર્ઘટનાથી ગમગીની વ્યાપી ગઈ છે.

**શ્રી ગોવિંદગૂરૂ યૂનિવર્સિટી ખાતે** ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ પણ કરવામાં આવ્યું

# 'Safe, Healthy and Inclusive Spaces" વિષય પર પરિસંવાદ તથા કાર્યશાળાનું આયોજન

## યુનિવર્સિટીના તમામ ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓ માટે પરિસંવાદ અને કાર્યશાળા યુનિ.ના કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન

• ગોધરા,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે જેન્ડર રિસોર્સ સેન્ટર તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી 'સેતુ' અંતર્ગત "Safe, Healthy and Inclusive Spaces" વિષય પર પરિસંવાદ તથા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ હેલ્થ-ન્યુટ્રીશન, જેન્ડર ડેવલપમેન્ટ તથા POSH Act વિષયક જાગૃતિ ફેલાવવાનો હતો. યુનિવર્સિટીના તમામ ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓ માટે પરિસંવાદ અને કાર્યશાળા યુનિ.ના કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન તથા અધ્યક્ષસ્થાન હેઠળ યોજાઈ હતી જેમાં કુલસચિવ ડૉ. અનિલભાઈ સોલંકી તેમજ યુનિવર્સિટીના તમામ ટીચિંગ અને નોન-ટીચિંગ આશરે ૨૦૦ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત યુનિ.ના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોગા તથા સુક્ષ્મ વ્યાયામ દ્વારા કરવામાં આવી હતી. આ સત્રનું સંચાલન અને માર્ગદર્શન યોગ બોર્ડના સોનલબેન તથા દીપિકાબેને આપ્યું હતું, જેમાં તેમણે યુનિવર્સિટીના તમામ ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓને યોગ સાથે રોજિંદા જીવનમાં યોગનું મહત્વ



સમજાવ્યું હતું. આ પ્રસંગે ગોધરા સિવિલ હોસ્પિટલના ડોક્ટરો તથા સપોર્ટ સ્ટાફ દ્વારા યુનિવર્સિટીના ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયાએ જણાવ્યું હતું કે માત્ર પુસ્તકજ્ઞાન પૂરતું નથી, પરંતુ રોજિંદા જીવનમાં વિવિધ વિષયો અંગેનું પ્રાયોગિક જ્ઞાન પણ એટલું જ મહત્વપૂર્ણ છે. તેમણે યોગનું મહત્વ, સ્વસ્થ આહારનું મહત્વ તેમજ કાયદાકીય જ્ઞાન અંગે વિશેષ ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં એમ.એસ. યુનિવર્સિટીના એસો. પ્રો. ડૉ. સ્વાતિબેન ધ્રુવે "Integrating Nutrition and Work-life Balance for Holistic Health" વિષય પર તંદુરસ્ત જીવન માટે આહારનું મહત્વ અને પૌષ્ટિક આહાર અંગે રસપ્રદ તથા ઉપયોગી માહિતી આપી હતી. મહેન્દ્ર મકવાણા (ઓફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર)એ શૈક્ષણિક સંસ્થાઓમાં મહિલાઓની સુરક્ષા માટેના POSH Act અંગે તથા આંતરિક ફરિયાદ સમિતિ (Internal Complaints Committee) ની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ ઉપસ્થિતોના વિવિધ પ્રશ્નોના સમાધાન રજૂ કર્યા હતા. આભારવિધિ કુલસચિવ ડૉ. અનિલભાઈ સોલંકીએ કરી હતી. આ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાં ડૉ. હેમેન્દ્ર શાહ, ડૉ. પલક કંસારા તથા ડૉ. બીનાબેન વાઢેરે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સેમિનારના અંતે રાષ્ટ્રગાન બાદ પૌષ્ટિક ભોજન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ઈડર ટાઉન હૉલ ખાતે UGVCL દ્વારા વિજ સલામતી સાવચેતી પરિસંવાદનું આયોજન કરાયું

વિજ ક્ષેત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓની જાનમાલની સુરક્ષા સર્વોપરી રહે તે હેતુથી ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ (UGVCL) દ્વારા ઈડર વિભાગીય કચેરીના આગેવાની હેઠળ 17 જાન્યુઆરી -2026 (શનિવાર)ના રોજ બપોરે ૩:૦૦ કલાકે ઈડર ટાઉન હોલ ખાતે "વિજ સલામતી સાવચેતી પરિસંવાદ"નું મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું આ પરિસંવાદમાં UGVCLના મેનેજિંગ ડિરેક્ટર એન.એફ.ચૌધરી ઉપસ્થિતિ ઉપરાંત કંપનીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહી વિજ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતુંપરિસંવાદ દરમિયાન સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના UGVCLના લાઈન સ્ટાફને વિજ લાઈન પર કામગીરી દરમિયાન ફરજિયાત રીતે અપનાવવાની સલામતીની માર્ગદર્શિકાઓ, જોખમ નિવારણના ઉપાયો, અકસ્માતો અટકાવવાના પગલાં તેમજ સલામત કાર્ય પદ્ધતિ અંગે વ્યવહારુ અને વિસ્તૃત માહિતી આપવામાં આવશે. વિજ ક્ષેત્રમાં વધતા જોખમોને ધ્યાનમાં રાખી સલામતી અંગે જાગૃતિ ફેલાવવાનો મુખ્ય ઉદ્દેશ આ પરિસંવાદ યોજાયો હતો ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ વર્તુળ કચેરી હિંમતનગર દ્વારા ઈડરના ટાઉન હોલ ખાતે વિજ સલામતી સતર્કતા



સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વી.એસ. કટારા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ UGVCLના માનનીય મેનેજિંગ ડિરેક્ટર એન.એફ. ચૌધરી સાહેબનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. UGVCL દ્વારા યોજાયેલો આ વિજ સલામતી સાવચેતી પરિસંવાદ વિજ કર્મચારીઓમાં સલામતી અંગે ચેતના વધારવા, અકસ્માતોની શક્યતાઓ ઘટાડવા અને સુરક્ષિત કાર્ય પરિસ્થિતિ સુનિશ્ચિત કરવા દિશામાં એક સશક્ત અને મહત્વપૂર્ણ પહેલ સાબિત થશે.

# ભરૂચ જિલ્લા સંકલન બેઠકમાં જનહિતના પ્રશ્નોની ગાજ: દબાણ, આવાસ અને વળતર મુદ્દે કલેક્ટરના કડક તેવર



• ભરૂચ,

ભરૂચ જિલ્લા આયોજન ભવન ખાતે ગતરોજ ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના ચાર ધારાસભ્યોની પ્રેરક ઉપસ્થિતિમાં નાગરિકોની વર્ષો જૂની સમસ્યાઓ અને વહીવટી પ્રશ્નો પર આક્રમક ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ગેરકાયદે દબાણો હટાવવા, જમીન સંપાદન અને લેન્ડ લૂઝરના લાંબા સમયથી લટકતા પ્રશ્નોના નિકાલ માટે તંત્રએ આકરા વલણ સાથે જવાબ માંગ્યા હતા. બેઠક દરમિયાન આવાસ યોજનાના લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ, અસરગ્રસ્તોના વળતર અને પાણી પુરવઠા બોર્ડના કરાર આધારિત કર્મચારીઓના વેતન જેવા સંવેદનશીલ મુદ્દાઓ છવાયા રહ્યા હતા. કલેક્ટર યોગેશ કાપસેએ બેઠકમાં હાજર અમલીકરણ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી કે નાગરિકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનો ઝડપી અને અસરકારક ઉકેલ લાવવો અનિવાર્ય છે. ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરૂણસિંહ રણા, રિતેશ વસાવા અને ડી.કે. સ્વામીએ જનસુવિધાના પ્રશ્નો મુદ્દે વહીવટી તંત્રનું ધ્યાન દોર્યું હતું. પડતર પ્રશ્નોની સમીક્ષા સાથે નવા રજૂ થયેલા મુદ્દાઓ પર થયેલી આ ચર્ચાથી આગામી દિવસોમાં જિલ્લાના વિકાસ કાર્યોમાં ગતિ આવવાની શક્યતા છે.

# રાણપુરની RMP બેરીંગ કંપની સાથે દપંતીની 1.65 કરોડની ઠગાઈ-ઉચાપત મામલે પોલીસ ફરીયાદ નોંધાઈ

## 12 કંપની પાસેથી બજાર કરતા ઉંચા ભાવે રો.મટીરીયલ ખરીદી નાણા મેળવી લીધા

• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુરમાં આવેલ RMP બેરીંગ કંપનીમાં પરચેઝ મેનેજર અને ટ્રેઈની તરીકે ફરજ બજાવતા રાણપુર તાલુકાના નાગનેશ ગામના દંપતીએ કંપનીમાં પોતાની ફરજ દરમિયાન જુદી જુદી 12 કંપની પાસેથી ઉંચા ભાવે રો.મટીરીયલ ખરીદી કરી કંપનીઓ પાસેથી રૂા.1.65.85.048 કરોડ મેળવી લઈ કંપની સાથે ઠગાઈ અને ઉચાપત કરતા રાણપુર પોલીસ મથકમાં ગુન્હો નોંધાયો છે. બનાવ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર રાણપુર શહેરમાં આવેલ RMP બેરીંગ લીમીટેડ કંપની ધરાવતા મિતેનભાઈ રાજેન્દ્રકુમાર મકવાણાએ રાણપુર પોલીસ મથકમાં કંપનીના પરચેજ મેનેજર જયદીપ પ્રદીપભાઈ બેલાણી અને તેના પત્ની કંપનીના ટ્રેઈની કર્મચારી દીપાલીબેન જયદીપભાઈ બેલાણી (રે. બન્ને. રામનીધી સોસાયટી, નાગનેશ, જિ. બોટાદ) સામે ફરીયાદ નોંધાવી છે કે તેઓની કંપનીના રો મટીરીયલ ઓર્ડર આપવાની



અને રો મટીરીયલનો ભાવ નક્કી કરવાની જવાબદારી સંભાળતા પરચેઝ મેનેજર જયદીપ અને તેના પત્નીએ ગત તા.1-8-2020 થી તા.24-12-2022 ના સમયગાળા દરમિયાન કંપની માટે જુદી જુદી કંપની જય ઈન્ડ્સ્ટ્રીઝ,સ્પીડ પોવર, સીગ્મા બેરીંગ, કિશોર ઈન્ડ્રસ્ટીઝ, શેઠ સ્ટીલ, આરએમજી બેરીંગ, આરડી એન્ડ સન્સ, નાગપાલ પ્લાસ્ટીક, આઈશ્રી જનબાઈ દોશી બધર્સ માર્કેટીંગ પ્રા.લી.,એનપીએસ ઈમ્પેક્સ, ખોડલ સ્ટીલ પાસેથી રો મટીરીયલ બજાર ભાવ કરતા ઉંચા ભાવે ખરીદ કરી કંપનીઓ પાસેથી જુદી જુદી રકમ મળી કુલ રૂા.1.65.85.048 નો સ્વિકાર કરી અથવા માંગી અપ્રમાણીક રીતે કંપનીના હિત વિરુધ્ધ કૃત્ય કરી કંપની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી અને ઉચાપત, ઠગાઈ કરી હતી બનાવ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર રાણપુર શહેરમાં આવેલ RMP બેરીંગ લીમીટેડ કંપની ધરાવતા મિતેનભાઈ રાજેન્દ્રકુમાર મકવાણાએ રાણપુર પોલીસ મથકમાં કંપનીના પરચેજ મેનેજર જયદીપ પ્રદીપભાઈ બેલાણી અને તેના પત્ની કંપનીના ટ્રેઈની કર્મચારી દીપાલીબેન જયદીપભાઈ બેલાણી (રે. બન્ને. રામનીધી સોસાયટી, નાગનેશ, જિ. બોટાદ) સામે ફરીયાદ નોંધાવી છે. ઉક્ત ફરીયાદ સંદ્રભે પોલીસે બીએનએસ એક્ટ ૪૦૬, ૪૨૦, ૪૦૯, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ એ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# બાળકો ગોખણિયા શિક્ષણને બદલે પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે રાજ્ય સરકારની નવતર પહેલ

## બાલવાટિકા તથા ધોરણ ૧ અને ૨ના ૧૨ લાખથી વધુ વિધાર્થીઓ 'જાદુઈ પીટારા' થકી મેળવશે આનંદદાયી શિક્ષણ

આજના ટેકનોલોજીના યુગમાં બાળકો માત્ર પુસ્તકો આધારિત શિક્ષણ નહિ, પણ રમત-ગમત અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ લઈ શકે તે માટે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના બાળકો માટે ૭૪ હજારથી વધુ 'જાદુઈ પીટારા' આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ જાદુઈ પીટારાનો રાજ્યના ૧૨.૩૫ લાખથી વધુ વિધાર્થીઓને સીધો લાભ મળશે.

દેશના બાળકો ગોખણિયું શિક્ષણ છોડી પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'જાદુઈ પીટારા'ની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. આ જાદુઈ પીટારા ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને આપનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે તેમ, શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, આ જાદુઈ પીટારા થકી સરકારી શાળાના બાળકોને ગોખણિયું શિક્ષણ નહીં, પરંતુ ભાર વિનાનું ભણતર, લાંબા ગાળા સુધી યાદ રહે તે પ્રકારની પ્રવૃત્તિ આધારિત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો એક સરાહનીય પ્રયાસ છે.

આ ઉપરાંત નેશનલ એજ્યુકેશન પોલિસી NEP-૨૦૨૦ અને નિપુણ ભારત મિશનના લક્ષ્યોને ધ્યાને લઈ NCERT, ભારત સરકાર દ્વારા નિર્મિત જાદુઈ પીટારા બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના વર્ગખંડોમાં આપવામાં આવી રહ્યા છે.

આ જાદુઈ પીટારા નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ને ધ્યાને લઈ ટોય બેઝ પેડાગોજી આધારિત પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન માટે વિશેષ નિર્માણ કરવામાં આવ્યું છે. આમાં રમત, કલા, સંગીત, નવાચાર, પ્રવૃત્તિ- પ્રોજેક્ટ, સહપાઠી શિક્ષણ, મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ ૩૦ જેટલી સામગ્રી સાથે તેના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે. આ પોલિસી હેઠળ શિક્ષકોને પણ બાળકોના સર્વાંગી વિકાસ માટેના અસરકારક વર્ગખંડ વ્યવહાર માટેનું વાતાવરણ પૂરું પાડવા અર્થે વિવિધ સંસાધનો પ્રાપ્ત કરાવવામાં આવી રહ્યા છે.

આ જાદુઈ પીટારામાં સંગીતના સાધનો, રમત-ગમતના સાધનો,પપેટ્સ, મણકા,શૈક્ષણિક રમકડાં, પઝલ, રસોડા સેટ જેવી અનેક સામગ્રીનો સમાવેશ કરવામાં આવેલ છે.

## બે મકાનમાંથી 3 લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી તસ્કરો ફરાર

# હિંમતનગરના સરવણામાં એકજ રાતમાં તસ્કરોએ છ મકાનને નિશાન બનાવતા ગભરાટ

• સાબરકાંઠા

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના સરવણા ગામે એક જ રાતમાં તસ્કરોએ છ મકાનોને નિશાન બનાવ્યા હતા. તેમાંથી બે મકાનમાંથી કુલ રૂ. ૩.૯૫ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી થઈ હતી. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તસ્કરોએ પાંચ બંધ મકાનોના તાળા તોડયા હતા. જયારે એક મકાનમાં માલિકો આગળના ભાગે હાજર હોવા છતાં પાછળથી તાળું તોડી ઘરમાંથી ચોરી કરી હતી. વિજયસિંહ રણજીતસિંહ સૂર્યવંશીએ નોંધાવેલી ફરિયાદ મુજબ

રૂ. ૧૦ હજારની વીંટી, રૂ.૩૦ હજારના ચાંદીના બે જોડી રમજા, ઉત્તરાયણની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના મકાનના દરવાજાનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. અંદરથી બે પતરાની પેટીના તાળા તોડી, રૂ. ૧ લાખનો સવા તોલા સોનાનો દોરો, રૂ. ૫૦ હજારની અડધા તોલા સોનાની બુટ્ટીની જોડ,

૨૫ ગ્રામના પાંચ ચાંદીના સિક્કા અને રૂ.૫૦ હજાર રોકડ સહિતની મત્તાની ચોરી કરી હતી. આ ઉપરાંત રઘુવીરસિંહના ઘરના કબાટમાંથી તસ્કરો રૂ.૫૦ હજારનું અડધા તોલા સોનાનું પેંડલ, રૂ.૩૦ હજારની કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી, રૂ. ૧૦ હજારના ચાંદીના રમજા અને રૂ.૨૫ હજાર રોકડ ચોરી ગયા હતા. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તસ્કરોએ ૫ ાંચ બંધ મકાનોના તાળા તોડયા હતા. જયારે એક મકાનમાં માલિકો આગળના ભાગે હાજર હોવા છતાં પાછળથી તાળું તોડી ઘરમાંથી ચોરી કરી હતી બંને મકાન માલિકોની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો નોંધી એફ. એસ.એલ અને ડોગ સ્ક્વોડ સહિતની વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરી છે.

# ભરૂચમાં શ્વાન કરડવાના કેસોનો રાફડો ફાટતા પાલિકા એક્શનમાં

• ભરૂચ,

ભરૂચ શહેરમાં રખડતા શ્વાનોના વધતા આતંક અને હડકવાના ભય સામે નગરપાલિકાએ આક્રમક અભિયાન છેડ્યું છે. માત્ર દોઢ મહિનામાં શ્વાન કરડવાના રેકોર્ડબ્રેક 1094 કેસો સિવિલ હોસ્પિટલમાં નોંધાતા જાગેલા તંત્રએ 1 જાન્યુઆરીથી 'એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ-2023' હેઠળ કામગીરી તેજ કરી છે. છેલ્લા 17 દિવસમાં શહેરના વિવિધ વોર્ડમાંથી 150 જેટલા શ્વાનોને પકડી તેમનું સફળતાપૂર્વક ખસીકરણ અને રસીકરણ કરવામાં આવ્યું છે.

મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ, હાઈકોર્ટ અને રાજ્ય સરકારના આદેશ અનુસાર દાહોદની સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટને આ કામગીરી સોંપવામાં આવી છે. જેમાં પાલિકા પ્રત્યેક શ્વાન દીઠ 2400નો ખર્ચ કરી રહી છે. પકડાયેલા શ્વાનોને જે.બી. મોદી બાગ પાસેના પાલિકા ગેરેજ ખાતે રાખી નિષ્ણાત તબીબો દ્વારા ઓપરેશન કરવામાં આવે છે.

પાંચ દિવસની દેખરેખ અને પૂરતા ખોરાક બાદ સ્વસ્થ થયેલા શ્વાનોને રસી આપી પુનઃ તેમના મૂળ વિસ્તારમાં છોડવામાં આવે છે. આ વૈજ્ઞાનિક પદ્ધતિથી આગામી સમયમાં શ્વાનોની વસ્તી પર નિયંત્રણ આવશે અને શહેરીજનોને ભયમુક્ત વાતાવરણ મળશે.

## ગરીબ મજૂરો પાસેથી ૫% ફાળાના નામે સવા કરોડ રૂપિયાનું સંભવિત ખંડણી કૌભાંડ!

# ગરીબ, વૃદ્ધ અને વિધવા મજૂરોની મહેનતની કમાણીમાંથી ફાળો વસૂલવાનો કોઈ અધિકાર કોઈ સંસ્થાને નથી. : ડૉ. મનીષ દોશી

ગુજરાતના મજૂર આંદોલનના ઈતિહાસમાં મજૂર મહાજન સંઘનું સ્થાન ભૂતકાળમાં ગૌરવપૂર્ણ રહ્યું છે. મહાત્મા ગાંધીના માર્ગદર્શન અને આદર્શોથી પ્રેરિત રહી આ સંસ્થાએ ગરીબ, શોષિત અને પીડિત મજૂરોના હિત માટે લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો હતો. પરંતુ આજે અત્યંત દુઃખ અને ચિંતા સાથે કહેવું પડે છે કે એ જ સંસ્થા સામે ગરીબ મિલ મજૂરોની મહેનતની રકમને લઈને ગંભીર અને ચિંતાજનક આરોપો ઊભા થયા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી અને મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે માનનીય ગુજરાત હાઈકોર્ટે તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ C/OLR/૭૫/૨૦૨૫ માં સ્પષ્ટ આદેશ કર્યો હતો કે બંધ મિલોના કામદારો અને તેમના વારસદારોને મળનારી રકમ સીધી તેમના બેંક ખાતામાં RTGS/NEFT દ્વારા ચૂકવવાની રહેશે, જેથી કોઈ મધ્યસ્થી દ્વારા શોષણ ન થાય. તેમ છતાં, આ સ્પષ્ટ આદેશ હોવા છતાં મજૂર મહાજન સંઘ દ્વારા તેમના કાર્યાલય ખાતે બોર્ડ લગાવીને કામદારો પાસેથી મળનારી રકમમાંથી "મીનિમમ ૫% ફાળો" આપવાની ફરજ પાડવામાં આવી રહી છે. ઉપલબ્ધ ફોટોગ્રાફિક પુરાવાઓ દર્શાવે છે કે કામદારોને અપ્રત્યક્ષ રીતે એવો સંદેશ આપવામાં આવી રહ્યો છે કે "ફાળો આપશો તો જ કામ થશે".

હેમાંગ રાવલે કહ્યું કે કામદારોને મળનારી કુલ રકમમાંથી ૫% ફાળો ઉઘરાવવાનો પ્રયાસ કરવામાં આવે તો તે રકમ રૂ. ૧,૨૯,૩૮,૪૫૧/- (સવા કરોડ રૂપિયાથી વધુ) થાય છે. ગરીબ, વૃદ્ધ અને મિલ કામદારો, વિધવા અને વારસદારોને માટે આ રકમ જીવનની છેલ્લી આશા સમાન છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે આ કોઈ સેવા નથી, પરંતુ ખુલ્લેઆમ ગેરકાયદેસર ખંડણી છે અને હાઈકોર્ટના આદેશની સીધી અવગણના સમાન છે. ભૂતકાળમાં પણ પ્રસાદ મિલના પણ આજ રીતે એક કરોડ 25 લાખથી વધારે રૂપિયા ઉઘરાવાયા હતા આમ પ્રસાદ સહિતના બંધ મિલોના ગરીબ મજૂરો પાસેથી આ જ રીતે ગેરકાયદેસર ફાળો ઉઘરાવવાની ફરિયાદો સામે આવી ચૂકી છે. કેલિકો મિલ જેવા કેટલાક કિસ્સાઓમાં ખોટા મિલ મજૂરોના નામે રકમ ઉપાડવાના ગંભીર આક્ષેપોમાં સંસ્થાના પદાધિકારીઓ સામે ફોજદારી ગુનાઓ નોંધાયા હતા અને કાનૂની કાર્યવાહી પણ થઈ હતી અને તે જ લોકો હાલમાં જામીન પર બહાર છે અને અત્યારે તેઓ જ વહીવટ કરી રહ્યા છે, જે જાહેર રેકોર્ડ પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત કામદારોની મહેનતના રૂપિયાથી ઊભી થયેલી કરોડો રૂપિયાની મહામૂલી મિલકતોને પણ બારોબાર અને અપારદર્શી રીતે વેચવાના પ્રયાસોની ફરિયાદો સામે આવી રહી છે. અમદાવાદ શહેર કોંગ્રેસના મહામંત્રી અને જાગૃત નાગરિક શ્રી અનીશ પટેલ દ્વારા ગુજરાત હાઈકોર્ટને આ બાબતે સુઓમોટો સંજ્ઞાન લેવા વિનંતી કરતો પત્ર પણ લખવામાં આવેલ છે તથા મજૂર મહાજન કાર્યાલય જે હદમાં આવે છે તે કારંજ પોલીસ સ્ટેશનને લેખિત ફરિયાદ પણ કરવામાં આવેલ છે. હેમાંગ રાવલે જણાવ્યું કે આજે સ્થિતિ એવી છે કે મજૂર મહાજન સંઘ પર કોઈ અસરકારક અંકુશ રહ્યો નથી અને જે સંસ્થા ક્યારેય મજૂરોના હિત માટે ઓળખાતી હતી, તે આજે ભ્રષ્ટાચાર, અપારદર્શિતા અને મનમાની નિર્ણયોની ફરિયાદોથી ઘેરાઈ ગઈ છે.

### પોરબંદર જિલ્લામાં 'વહાલી દીકરી યોજના' માટે લાભાર્થીઓને તાત્કાલિક અરજી કરવાની અપીલ

# વહાલી દીકરી યોજનામાં દીકરીને જન્મથી લઈને તેના લગ્ન સુધીના વિવિધ તબક્કે કુલ 1,10,000 ની સહાય અપાશે

## વહાલી દીકરી યોજના: 2 ઑગસ્ટ 2019 પછી જન્મેલા સંતાનને મળશે વિશેષ લાભ

• ગોસા(ઘેડ)

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા દીકરીઓના જન્મદરને પ્રોત્સાહન આપવા અને તેમના શિક્ષણ તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે અમલી 'વહાલી દીકરી યોજના' અંતર્ગત પોરબંદર જિલ્લાના મહત્તમ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને અરજી કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળ દીકરીના જન્મથી લઈને તેના ઉચ્ચ શિક્ષણ અને લગ્ન સુધીના વિવિધ તબક્કે કુલ ૧,૧૦,૦૦૦ ની સહાય પૂરી પાડવામાં આવે છે, જેમાં દીકરી જ્યારે ધોરણ-૧ માં પ્રવેશ મેળવે ત્યારે રૂ.૪,૦૦૦, ધોરણ-૯ માં પ્રવેશ વખતે રૂ.૬,૦૦૦ અને જ્યારે દીકરી ૧૮વર્ષની ઉંમર પૂર્ણ કરે ત્યારે તેને રૂ.૧,૦૦,૦૦૦ ની રકમ મળવાપાત્ર થાય છે. આ યોજનાનો લાભ મેળવવા માટે મુખ્ય શરત એ છે કે દીકરીનો જન્મ ૨ ઓગસ્ટ ૨૦૧૯ કે ત્યારબાદ થયેલ હોવો જોઈએ અને તેના માતા-પિતાની સંયુક્ત વાર્ષિક આવક રૂ.૨,૦૦,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારના લોકોએ જે તે ગામના પંચાયત ખાતે VCE પાસે ફોર્મ ભરાવવાનું રહેશે. પાત્રતા ધરાવતા વાલીઓએ તમામ જરૂરી દસ્તાવેજો સાથે સત્વરે અરજી કરી આ યોજનાનો લાભ લેવા અને સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનને સાર્થક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, પોરબંદર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ખાસ નોંધનીય છે કે, યોજનાની જોગવાઈ મુજબ દીકરીના જન્મના એક વર્ષની વય મર્યાદામાં જ આ યોજના માટેની અરજી કરવાની રહેશે. આ સાથે દંપતીના પ્રથમ ત્રણ સંતાનો પૈકીની દીકરીઓ આ સહાય માટે પાત્ર ગણાશે, પરંતુ શરત એ રહેશે કે દીકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા થયેલા ન હોવા જોઈએ. અરજી પ્રક્રિયા અને જરૂરી દસ્તાવેજો અંગે વધુ વિગતો આપતા જણાવાયું છે કે, આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થી દીકરીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, દીકરીનું આધારકાર્ડ, દીકરીનો જન્મનો દાખલો, માતા-પિતાના આધારકાર્ડ, દીકરી અથવા માતા તેમજ પિતાની બેંક પાસબુકની નકલ, માતા-પિતાની આવકનો દાખલો, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, રેશનકાર્ડ તેમજ નિયત નમુના મુજબનું સ્વ-ઘોષણા પત્ર (અનુસૂચિ-2) અને એકરારનામું રજૂ કરવાનું રહેશે. શહેરી વિસ્તારના લોકોએ જે તે તાલુકાની મામલતદાર કચેરી ખાતે સંપર્ક કરવાનો રહેશે, જ્યારે પોરબંદર મહાનગરપાલિકા વિસ્તારના ઉમેદવારોએ 'જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, પોરબંદર, રૂમ નં. 4, જિલ્લા સેવા સદન-02, સાંદિપની આશ્રમ રોડ, પોરબંદર' ખાતે અરજી કરવાની રહેશે. ગ્રામ્ય વિસ્તારના લોકોએ જે તે ગામના પંચાયત ખાતે VCE પાસે ફોર્મ ભરાવવાનું રહેશે. પાત્રતા ધરાવતા વાલીઓએ તમામ જરૂરી દસ્તાવેજો સાથે સત્વરે અરજી કરી આ યોજનાનો લાભ લેવા અને સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનને સાર્થક કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, પોરબંદર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### ઘરનું બલિદાન આપનારા આદિવાસી વિસ્થાપિતો આજે દયનીય સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા

# ડભોઈ તાલુકાના નર્મદા વસાહતોની કરુણતા વર્ષો બાદ પણ વિસ્થાપિતો પાયાની સુવિધાઓથી વંચિત

• ડભોઈ



ડભોઈ તાલુકાના નર્મદા વસાહતોની કરુણતા વર્ષો બાદ પણ વિસ્થાપિતો પાયાની સુવિધાઓથી વંચિત, ડભોઈ તાલુકામાં ભ્રષ્ટાચારની ગંધડભોઈ નર્મદા યોજના માટે પોતાની જમીન અને ઘરનું બલિદાન આપનારા આદિવાસી વિસ્થાપિતો આજે દયનીય સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. ડભોઈ તાલુકાના સીમલીયા, ગોપાલપુરા, બંબોજ, પણસોલી (MP વસાહત) અને કુકડ સહિતની વસાહતોમાં સરકારી તંત્રની ઘોર બેદરકારી અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે આવી છે. અહીં કરોડોના ખર્ચે બનેલી સુવિધાઓ આજે માત્ર શોભાના ગાંઠિયા' સમાન બની રહી ગઈ છે સુવિધાઓના નામે માત્ર પોકળ દાવા વસાહતોમાં રૂબરૂ તપાસ કરતા જાણ વા મળ્યું છે કે પાયાની જરૂરિયાતોની સ્થિતિ અત્યંત બિસ્માર છે નળ છે પણ જળ નથી નળ સે જળ' યોજના હેઠળ ઘરે-ઘરે નળ તો નાખી દેવાયા છે, પરંતુ તેમાં પાણીના ટીપાંનું પણ નામોનિશાન નથી વીજ કનેક્શન વિનાના બોર: વસાહતોમાં પીવાના પાણી માટે ટ્યુબવેલ (બોર) બનાવવામાં આવ્યા છે, પરંતુ વર્ષો વીતવા છતાં હજુ સુધી વીજ કનેક્શન આપવામાં આવ્યું નથી. પરિણામે, લાખોના ખર્ચે થયેલું કામ ધૂળ ખાઈ રહ્યું છે પશુઓ માટેના હવાડા નકામા: પશુપાલન પર નિર્ભર આદિવાસીઓ માટે બનાવાયેલા હવાડા પાણી વગર સૂકાભટ્ઠ પડ્યા છે, જેના કારણે પશુઓને પીવાના પાણીની મોટી સમસ્યા ઉભી થઈ છે શૌચાલયોની દુર્દશા: સ્વચ્છતાના મોટા દાવાઓ વચ્ચે વસાહતોમાં બનેલા શૌચાલયો પણ જર્જરિત અને બિનઉપયોગી હાલતમાં જોવા મળ્યા છે મોટા કૌભાંડની આશંકા વસાહતીઓમાં ભારે રોષ સ્થાનિક વસાહતીઓનો આક્ષેપ છે કે નર્મદા નિગમના અધિકારીઓ અને કોન્ટ્રાકટરોએ મેળાપીપણું કરીને માત્ર કાગળ પર કામ બતાવી મોટા બિલો પાસ કરાવી લીધા છે સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરી માત્ર દેખાવ પૂરતું કામ કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ દેખાય છે. લોકોનું કહેવું છે કે જો નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો મોટું ભ્રષ્ટાચારનું કૌભાંડ બહાર આવી શકે તેમ છે અમે અમારું સર્વસ્વ નર્મદા ડેમ માટે આપી દીધું, પણ બદલામાં અમને શું મળ્યું? વર્ષોથી અમે પાણી અને વીજળી માટે રજૂઆતો કરી રહ્યા છીએ, પણ કોઈ સાંભળતું નથી.

### અંકલેશ્વર GIDC ને જળબંબાકારની સમસ્યામાંથી મળશે મુક્તિ

# રાજ્ય સરકારે ૪.૫ કરોડના ગટર-કલ્વર્ટ પ્રોજેક્ટને આપી મંજૂરી

• અંકલેશ્વર,

અંકલેશ્વર GIDC ના સ્ટેશન વિસ્તાર સહિત વિવિધ પંથકોમાં વર્ષોથી વરદાન સમી ચોમાસાની ઋતુ ઉદ્યોગકારો અને રહીશો માટે આફત બનીને આવતી હતી. ભારે વરસાદમાં રસ્તાઓ બેટમાં ફેરવાઈ જવાની સમસ્યાનો કાયમી અંત લાવવા માટે રાજ્ય સરકારે હવે ૪.૫ કરોડના ખર્ચે તૈયાર થનારા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને લીલી ઝંડી આપી દીધી છે. આ નિર્ણયથી જીઆઈડીસીના સ્ટેશન વિસ્તાર, ખેતીવાડી ઓફિસ અને બેંક ઓફ બરોડા આસપાસના રહીશોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

છેલ્લા ઘણા સમયથી ખેતીવાડી ઓફિસ નજીકના વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે રસ્તાઓ ધોવાઈ જવાની અને વાહનવ્યવહાર ખોરવાઈ જવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે તૈયાર કરાયેલા માસ્ટર પ્લાન મુજબ, અહીં અત્યાધુનિક બોક્સ કલ્વર્ટ અને નવી વરસાદી ગટર લાઈનનું નિર્માણ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫ ના આ પ્રોજેક્ટના અમલીકરણ સાથે જ વરસાદી પાણીનો ઝડપી નિકાલ થશે, જેને પગલે રસ્તાઓની ટકાઉપણું વધશે અને સ્થાનિક જનતાને કાદવ-કીચડના સામ્રાજ્યમાંથી કાયમી મુક્તિ મળશે.

# જંબુસરમાં સિરામિક પાવડરની ગુણો નીચે દબાઈ જતાં કામદારનું મોત



• જંબુસર,

જંબુસર તાલુકાના કલક ગામની સીમમાં આવેલી 'ક્રિષ્ના સિરામિક' કંપનીમાં સર્જાયેલી એક જીવલેણ દુર્ઘટનાને પગલે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. કંપનીના ગોડાઉનમાં કામ કરી રહેલા શ્રમજીવી ઘનશ્યામભાઈ મગનભાઈ રાઠોડ પર અચાનક સિરામિક પાવડરની ગુણોનો પહાડ તૂટી પડતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન વડોદરાની હોસ્પિટલમાં તેમનું મોત નીપજતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ ઘટનામાં કંપનીની બેદરકારીનો આક્ષેપ કરી રોષે ભરાયેલા પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી કંપનીના દરવાજે જ ન્યાય અને વળતર માટે મોરચો માંડ્યો છે.

ઘટનાની વિગત અનુસાર, ગતરોજ બનેલી આ કરુણ દુર્ઘટના બાદ પરિવારજનો મૃતદેહને સીધો જ હોસ્પિટલથી કંપનીના પ્રવેશદ્વારે લઈ આવ્યા હતા. જ્યાં સુધી યોગ્ય વળતરની ખાતરી આપવામાં નહીં આવે ત્યાં સુધી અંતિમ સંસ્કાર ન કરવાની જીદ સાથે પરિવાર અને ગ્રામજનો ધરણા પર બેસી ગયા છે. મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા જંબુસર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. હાલ પોલીસ તંત્ર દ્વારા પરિવાર અને કંપની સંચાલકો વચ્ચે મધ્યસ્થી કરી મામલો થાળે પાડવાના પ્રયાસો હાથ ધરાયા છે, પરંતુ કલાકો વીતવા છતાં મડાગાંઠ અકબંધ રહેતા આસપાસના વિસ્તારમાં તંગદિલી વ્યાપી ગઈ છે.

### 'ક્રિકેટ ટુર્નામેન્ટ 'માં મંત્રોચ્ચાર સાથે જામી બેટ-બોલની રમઝટ

# સાવરકુંડલામાં પરંપરા અને સ્પોર્ટ્સનો અનોખો સંગમ: ધોતી-ઝભ્ભા સજીને કર્મકાંડી બ્રાહ્મણો ક્રિકેટના મેદાનમાં ઉતર્યા

• સાવરકુંડલા



સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ આંખની હોસ્પિટલના ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં એક અત્યંત પ્રેરણાદાયી અને યાદગાર 'ક્રિકેટ ટુર્નામેન્ટ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કર્મકાંડી બ્રહ્મસમાજ દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટમાં ભારતીય સંસ્કૃતિ અને આધુનિક રમતગમતનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો.

આ ટુર્નામેન્ટની મુખ્ય વિશેષતા એ હતી કે તમામ ખેલાડી બ્રાહ્મણોએ આધુનિક સ્પોર્ટ્સ કીટને બદલે પોતાના પરંપરાગત શ્વેત વસ્ત્રો–ધોતી અને ઝભ્ભા–પહેરીને મેદાનમાં ઉતરી ક્રિકેટ રમી હતી. મંત્રોચ્ચાર કરનારા બ્રાહ્મણો જ્યારે બેટ અને બોલ સાથે ચોગ્ગા-છગ્ગા ફટકારતા જોવા મળ્યા ત્યારે વાતાવરણ નવી ઊર્જા અને આકર્ષણથી ભરાઈ ગયું હતું. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ સમાજમાં એકતા વધારવી અને વ્યસ્ત દિનચર્યા વચ્ચે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ કાર્યક્રમમાં સાધુ-સંતો અને રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. જેમાં:

કરશન દાસ બાપુ અને ઘનશ્યામ બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, શહેર પ્રમુખ અનિરુદ્ધ સિંહ, પ્રતીકભાઈ નાકરાણી, અજયભાઈ ખુમાણ અને ચંપૂભાઈ ધાધલે ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપ્યું હતું.

તેમજ બ્રહ્મસમાજના આગેવાન શ્રીઓ મેહુલભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, પ્રો. રવિયા સાહેબ, પ્રો. જાની સાહેબ, અશોકભાઈ દવે, રતિભાઈ જોશી, હર્ષદ દાદા સતિષભાઈ પાંડે અને અમિત પંડ્યા સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી

આ ટુર્નામેન્ટને સફળ બનાવવામાં દીપકદાદા ત્રિવેદી, કૌશિકદાદા અને તેમની ટીમ તેમજ તમામ કર્મકાંડી બ્રાહ્મણોએ ભારે જહેમત ઉઠાવી હતી. જનકભાઈ ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમની વ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી.

સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન ખૂબ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણો માત્ર પૂજા-પાઠમાં જ નહીં પરંતુ રમતગમતના ક્ષેત્રમાં પણ એટલા જ સક્રિય છે, તે આ ટુર્નામેન્ટ દ્વારા સાબિત થયું હતું. અંતમાં વિજેતા ટીમને મહાનુભાવોના હસ્તે ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ અનોખા આયોજનને જોવા માટે સ્થાનિક ખેલપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને આ સુંદર પ્રયાસની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

# વાલિયામાં મહિલા કબડ્ડીનો જંગ: વ્યારાની ટીમ મેદાન મારી ગઈ, કિલ્લા પારડી રનર્સ-અપ

## ટૂર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાતની વિવિધ આઠ કોલેજોની ટીમોએ જોશભેર ભાગ લીધો હતો

• વાલિયા,

વાલિયા સ્થિત શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ ખાતે દક્ષિણ ગુજરાતની નારીશક્તિનો ખેલદિલીભર્યો અંદાજ જોવા મળ્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજ મહિલા કબડ્ડી સ્પર્ધામાં વ્યારાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની ટીમે શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયન ટ્રોફી પર કબજો જમાવ્યો હતો, જ્યારે કિલ્લા પારડીની જે.પી. પારવાડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વિતીય ક્રમે રહી હતી.

આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાતની વિવિધ આઠ કોલેજોની ટીમોએ જોશભેર ભાગ લીધો હતો. ફાઈનલ મેચ બાદ યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટીના મંત્રી ડો. વનરાજસિંહ મહિડા સહિતના ટ્રસ્ટી મંડળે હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. નિયતીબેન ભટ્ટ અને શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડો. ભારતીબેન પરમારના માર્ગદર્શન હેઠળ રેફરીઓ અને



રમતગમત પ્રેમીઓની હાજરીમાં આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. મહેમાનોએ વિજેતા ટીમોને ઈનામો એનાયત કરી દીકરીઓની રમતગમત પ્રત્યેની રુચિને બિરદાવી હતી.

# રાજપારડીમાં હાઈવા ટ્રકના પૈડા નીચે કચડાતા રાહદારીનું મોત

• રાજપારડી,

ઝઘડિયા તાલુકાના રાજપારડી ચાર રસ્તા નજીક બેફામ દોડતા ભારે વાહને એક નિર્દોષનો ભોગ લીધો છે. સારસા ગામના રહીશ રમેશભાઈ વસાવા હાઈવા ટ્રકની ટક્કરે પાછળના ટાયર નીચે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને મૃતકના પરિવારજનોની આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. નોંધનીય છે કે રાજપારડી ચાર રસ્તા એ અંકલેશ્વર, ભરૂચ, રાજપીપળા અને છોટાઉદેપુરને જોડતો અતિ વ્યસ્ત મુખ્ય ધોરીમાર્ગ છે. અહીં ચોવીસ કલાક ભારે વાહનોની અવરજવર રહેતી હોવાથી અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે.



વારંવાર થતી જાનહાનિને પગલે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો દ્વારા અકસ્માતો અટકાવવા માટે ચારેય દિશામાં તાત્કાલિક સ્પીડ બ્રેકર (ગતિ અવરોધક) મૂકવાની પ્રબળ માંગ કરવામાં આવી છે. જો તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં જન આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### શિક્ષણની સાથે રમતગમતમાં પણ અવ્વલ

# એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ સ્કૂલના વાર્ષિક રમતોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓ ઝળક્યા

• અંકલેશ્વર,

અંકલેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૯ અને ૧૧ ના કુલ ૪૧૫ વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. મેદાન પર ઉતરેલા નવયુવાનોના જોશને કારણે શાળાનું વાતાવરણ રમતમય બની ગયું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિમેશ ગુપ્તા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવ દરમિયાન ૨૮ જેટલી વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને મેડલ અને



પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા અને વ્યાયામ શિક્ષકોના સુચારુ માર્ગદર્શન હેઠળ આ આખાય કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું. રમતગમત દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત અને એકતાની ભાવના કેળવાય તે હેતુ આ આયોજન પાછળ મુખ્ય રહ્યો હતો.

# પાલિકા પ્રમુખની કથિત 'ઓડિયો ક્લિપ'થી ખળભળાટ: અંકલેશ્વરમાં AAPનો હંગામો




• અંકલેશ્વર,

ઔદ્યોગિક નગરી અંકલેશ્વરના રાજકારણમાં ગતરોજ ત્યારે ખળભળાટ મચી ગયો જ્યારે નગર સેવા સદનના પ્રમુખ લલિતા રાજપુરોહિતની કથિત લાંચ માંગતી ઓડિયો ક્લિપ વાયરલ થઈ. સોશિયલ મીડિયામાં વાયુવેગે પ્રસરેલી આ ક્લિપમાં પ્રમુખ એક કોન્ટ્રાક્ટર પાસે ૫૦,૦૦૦ રૂપિયાની માંગણી કરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોને પગલે ગતરોજ આમ આદમી પાર્ટી (AAP) દ્વારા નગરપાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી પ્રમુખના રાજીનામાની માંગ સાથે વાતાવરણ ગજવી મૂક્યું હતું. AAP ના કાર્યકર્તાઓએ પાલિકા કચેરી બહાર ભ્રષ્ટાચાર વિરોધી સૂત્રોચ્ચાર કરી આક્ષેપ કર્યો હતો કે, આ ઘટના પાલિકામાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચારની માત્ર એક ઝલક છે. પાર્ટીએ આ મામલે પક્ષપાત વગરની ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરતા જણાવ્યું હતું કે, જ્યાં સુધી દૂધનું દૂધ અને પાણીનું પાણી ન થાય ત્યાં સુધી પ્રમુખે નૈતિકતાના ધોરણે પદ છોડવું જોઈએ. વહીવટી તંત્રને ચીમકી આપતા AAP ના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે જો તટસ્થ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ વિરોધ પ્રદર્શનને જન-આંદોલનનું સ્વરૂપ આપી જનતાના દરબારમાં લઈ જવામાં આવશે.

# સામલોદ પાસે 'હિટ એન્ડ રન': મોપેડને ટક્કર મારી વાહન ચાલક ફરાર, અકસ્માતમાં એકનું મોત

• ભરૂચ,

ભરૂચના સામલોદ ગામ પાસે એક અજાણ્યા વાહને મોપેડ સવાર બે વ્યક્તિઓને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક અજાણ્યા વ્યક્તિનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું, જ્યારે જેસીબી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની વિગત અનુસાર, ઝનોરના રહીશ રામજીભાઈ વસાવાના જેસીબી પર ડ્રાઈવર તરીકે નોકરી કરતો મૂળ ઉત્તર પ્રદેશનો મહેતાબ નવસાદ તેના મોપેડ પર અન્ય એક વ્યક્તિ સાથે પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન સામલોદ ગામ પાસે કોઈ અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. અકસ્માતની જાણ થતા જ જેસીબી માલિક અને સ્થાનિક લોકો સ્થળ પર દોડી ગયા હતા અને બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ મહેતાબ સાથે રહેલા અજાણ્યા વ્યક્તિએ દમ તોડી દીધો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી ફરાર વાહન ચાલકની શોધખોળ અને મૃતકની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે.